P.09

ઐશ્વર્યા રાયે દીકરી આરાધ્યા સાથે બાપ્પાના દર્શન કર્યા



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.09

કંગના રનૌતે પોતાનો બંગલો ૩૨ કરોડ રૂપિયામાં વેચ્યો



www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૪૦ । વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો સુદ ૦૮ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 40 • Dt. 11-09-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ભાજપના કાર્યકરો નારાજ । વેપારીઓએ પણ દિલ્હી સરકાર સામે મોરચો ખોલ્યો



09

**11**
SEPTEMBER- 2024
WEDNESDAY



09

એક કેસમાં કસ્ટડીમાં રહેલા આરોપી બીજા કેસમાં જામીન માંગી શકે છે : સુપ્રીમ કોર્ટ






**ઉગ્ર આંદોલનની ચિમકી । સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જો પડતર પ્રશ્નોનું નિરાકરણ નહિ આવે તો આંદોલન**

# ગુજરાતમાં ક્ષત્રિય સમાજ ફરી સરકાર સામે મેદાને આવી

। અમદાવાદ,તા.૧૦ ।

પરષોત્તમ રૂપાલાના વાણી વિલાસના કારણે ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન શરૂ થયું.. આ આંદોલનના કારણે ક્ષત્રિય સમાજ એક થયો પરંતુ તેનું પરિણામ લોકસભા ચૂંટણીમાં જોવા મળ્યું ન હતું. ત્યારે હવે ક્ષત્રિય સમાજ દ્વારા તેમના પડતર પ્રશ્નોને લઈને એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્ર મુખ્યમંત્રીને લખવામાં આવ્યો છે. જેમાં તેમને ક્ષત્રિય સમાજના પડતર પ્રશ્નો ને લઈને લખવામાં આવ્યો છે.ક્ષત્રિય સમાજે પત્રમાં લખ્યું છે કે, ક્ષત્રિય સમાજના પડતર પ્રશ્નો મુદ્દે અગાઉ ૦૮-૧૦-૨૦૨૧ માં સી.એમ.હાઉસમાં બેઠક કરવામાં આવી હતી અને તે વખતે તમામ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ તે પ્રશ્નોનું કોઈ જ નિરાકરણ આવ્યું નથી.

### આ પ્રશ્નોનો ઉકેલ ૧૦-૧૦-૨૦૨૪ એટલે કે દશેરા પહેલા લાવવા વિનંતી કરવામાં આવી

ગુજરાત ક્ષત્રિય સમાજ સાથે ઓરમાયું વર્તન થતું હોય તેવી લાગણી ઉદભવી રહી છે. ૦૫-૦૮-૨૦૨૪ના રોજ જે પત્રો અને નકલો આપેલી છે, તેમાં લખેલું છે કે સરકારમાં પૂરતું પ્રતિનિધત્વ, વહીવટમાં પૂરતું પ્રતિનિધત્વ, સહિતના મુદ્દાઓ અને સામાજિક સંસ્થાઓને વહીવટી જમીન ફાળવણીના મુદ્દાઓ પ્રશ્નોનો નિરાકરણ આવે તે વીંટી કરવામાં આવે છે. આ પ્રશ્નોનો ઉકેલ ૧૦-૧૦-૨૦૨૪ એટલે કે દશેરા પહેલા લાવવા વિનંતી કરવામાં આવી છે.

**સતત વિવાદોમાં રહેતી એલ.જી. હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી**

## એલ.જી. હોસ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડની દાદાગીરી

। અમદાવાદ,તા.૧૦ ।

અમદાવાદ શહેરમાં આવેલી એલ.જી. હોસ્પિટલનાં સિક્યોરિટી ગાર્ડની દાદાગીરી સામે આવી છે. હોસ્પિટલમાં પ્રવેશને લઈને બોલાચાલી થઈ હતી. જેમાં સિક્યોરિટી ગાર્ડે સ્વજનનો માર્યા હોવાના આક્ષેપો થયા હતા. દર્દીઓ અને તેના સગાઓ સાથે મારામારી થયાનું હાલ જાણવા મળ્યું છે.



સતત વિવાદોમાં રહેતી એલ.જી. હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલના સિક્યોરિટી ગાર્ડે દર્દીના સગાને હોસ્પિટલની અંદર જતા રોક્યા હતા, જેથી બોલાચાલી બાદ મારામારી થઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ પ્રકારનો કિસ્સો અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બન્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં ટ્રોમા સેન્ટરમાં સિક્યુરિટી કર્મચારીનો દાદાગીરી કરતો વીડિયો વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોમાં સિક્યોરિટી ગાર્ડ ખરાબ શબ્દો બોલતો હોવાનું જાણવા મળ્યું હતું.

અમદાવાદની સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીના સગા અને હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. જાણવા મળ્યું હતું કે, દર્દીની દીકરીને તેના પિતાની સારવાર પૂછવા માટે ગઈ ત્યારે સિક્યુરિટી ગાર્ડે તેમને અંદર જવા દીધા નહોતા. આ બોલાચાલીનો વીડિયો પણ વાયરલ થયો હતો



છોટાઉદેપુર, નર્મદામાં ભારે વરસાદની શક્યતા

## ઉત્તર-મધ્ય ગુજરાતના અમુક ભાગોમાં વરસાદ પડી શકે તેવી આગાહી

### હવામાન વિભાગ દ્વારા અનેક જીલ્લાઓમાં યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૦ ।

ઉત્તર-મધ્ય ગુજરાતના અમુક ભાગોમાં વરસાદ પડી શકે તેવી આગાહી કરી છે. તો બીજી બાજુ સૌરાષ્ટ્રના પણ અમુક ભાગોમાં વરસાદ પડી શકે છે. પૂર્વ ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા જણાઈ રહી છે. મોન્સુન ટ્રફના કારણે ગુજરાતમાં વરસાદની આગાહી છે. દાહોદ, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદામાં ભારે વરસાદની શક્યતા છે.

આઈએમડી પ્રમાણે, મોન્સુન ટ્રફના કારણે આગામી દિવસોમાં ગુજરાતનાં કેટલા ભાગોમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા અનેક જીલ્લાઓમાં યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર જીલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૯૫૨ મીમી વરસાદ પડ્યો છે. જ્યારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૨૮ ટકા વધુ વરસાદ નોંધાયો હતો. તેમજ ચોમાસાની ઋતુનાં કારણે ગુજરાતનાં વિવિધ જીલ્લાઓમાં છૂટો છવાયો વરસાદ પડે છે. છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચમાં ૮૯ મીમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મોન્સુન ટ્રફની અસર ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓ પર વર્તાશે અને ત્યાં ભારે વરસાદ વરસી શકે છે. અમદાવાદમાં ખૂબ જ હળવો છુટા છવાયો વરસાદ વરસી શકે છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૧૨૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

**પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવશે**

**રાજ્યના ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઇનમાં આપી શકશે.**

## ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે નવી હેલ્પલાઇન-૧૮૦૦૨૩૩૧૧૨૨ શરૂ કરાઈ

। બ્યુરો,ગાંધીનગર,તા.૧૦ ।

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે. રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો તેમજ ટ્રાફિક જામ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે. રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા



કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે. જેમાં વેબસાઈટ, ઈમેઈલ આઈડી તેમજ સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરવામાં આવ્યો છે. 'હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨': આ ડેડિકેટેડ હેલ્પલાઈન ઉપર કૉલ મળતા જ પોલીસ દ્વારા જે વિસ્તારની ફરિયાદ હશે તે સંબંધિત જિલ્લાના પોલીસ અધિકારીને તાત્કાલિક આ સમસ્યાના નિવારણ માટે એક્શન લેવા સૂચના આપવામાં આવશે.

**માર્ગોને લઈને લોકોને પડતી મુશ્કેલીઓ દુર કરવામાં આવશે**

## માર્ગોના કામ માટે ધારાસભ્ય દીઠ બે કરોડની વધારાની ગ્રાન્ટ મંજૂરી મળી

**મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કરાશે**

। બ્યુરો,ગાંધીનગર,તા.૧૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડરસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા ક્રોંકિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કોંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ



પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે.મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવા કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્યદીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ શહેરીજન સુખાકારીની વૃદ્ધિ કરતા નિર્ણયને પરિણામે મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કાર્ય હાથ ધરી શકાશે. એટલું જ નહીં, માર્ગોની સુધારણા, મજબૂતીકરણને પરિણામે અર્બન મોબોલિટીમાં પણ સુગમતા રહેશે.મહાનગરપાલિકાઓએ સંબંધિત ધારાસભ્યશ્રીઓના પરામર્શમાં રહીને આ ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે.

**ગણપતિ બાપા મોરીયા | છષ્ઠ વાળા ડોમમાં ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી**

## રાજકોટમાં બાપ્પાને ૬૦ લાખનો સોનાનો હાર અને ડાયમંડનો શણગાર

। બ્યુરો,રાજકોટ,તા.૧૦ ।

સમગ્ર દેશમાં ગણેશ ભગવાનની જોરશોરથી આરાધના થઈ રહી છે. ઠેર ઠેર પંડાલો જોવા મળી રહ્યાં છે. ત્યારે રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા જે. કે. ચોક ખાતે ગણપતિ પંડાલની સજાવટ જોવા મળી રહી છે. અહીં એક ભક્ત દ્વારા અંદાજે રૂ. ૬૦ લાખની કિંમતનો સોનાનો હાર ગણપતિ દાદાને અર્પણ કરવામા આવ્યો છે. ગણપતિના બાજુબંધ સહિતમાં ડાયમંડનો અદભૂત શણગાર જોવા મળી રહયો છે. ગણપતિની આસપાસ લાઈવ ઉંદરો ફરતા હોય તેવો નજારો



જોવા મળે છે.૧૦ દિવસનો રૂ. ૩૫ લાખ જેટલો ખર્ચ અને અંદાજે રૂ. ૬૦ લાખનો સોનાનો હાર મળી અહીં રૂ. ૧ કરોડના ગણપતિ બાપ્પાની સ્થાપના કરાઈ છે.રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક ખાતે શિવશક્તિ યુવા ગ્રુપ દ્વારા આ વખતે ૧૫માં વર્ષે જે.કે. ચોક કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વૈદિક થીમ સાથે ડેકોરેશન કરવામા આવ્યુ છે. આ મહોત્સવમાં ૫૦ ફૂટ આડો અને ૮૦ ફૂટ લાંબો એસી વાળો ડોમ તૈયાર કરાયો છે. ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને મૂર્તિના ફરતે આખો દિવસ ૮ જેટલા સફેદ ઉંદર પ્રદક્ષિણા કરી રહ્યા છે.

આયોજક બલરાજસિંહ રાણાએ મીડિયાને જણાવ્યુ હતુ કે, જે. કે. ચોક ખાતે આ વખતે સતત ૧૫મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું છે. આ વખતે ગણપતિ દાદાનો ડાયમંડથી શણગાર કરવામાં આવેલો છે. એક ભક્ત દ્વારા અહીં ગણપતિ દાદાને ૮૦૦ ગ્રામ સોનાનો હાર પહેરાવવામાં આવેલો છે. દરરોજ અંદાજે ૫૦,૦૦૦ ભાવિકો દર્શનનો લાભ લે છે. ૧૭મીએ વિસર્જન યાત્રા નીકળશે. હનુમાન ધારા ખાતે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામા આવશે.




પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર
મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Wednesday
11-09-2024 | 02

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

### કચ્છ જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરતઃ આરોગ્યમંત્રી

# કચ્છમાં શંકાસ્પદ તાવ : લખપત તાલુકાના ૩૧૮ ઘરોના ૨૨૩૪ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું

**૧૩નાં મોતથી આરોગ્ય ટીમ યુદ્ધનાં ધોરણે કાર્યરત કરાઈ । ૨૭ ટીમ દ્વારા સ્ક્રીનિંગ, ૪૮ શંકાસ્પદ મળ્યા**

। પ્રતિનિધિ,ભુજ, તા.૧૦ ।

કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાની આરોગ્ય વિભાગની કામગીરીની માહિતી આપતા મંત્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું આરોગ્ય લક્ષી સ્ક્રીનીંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા હતા અને એક દર્દી ડેન્ગ્યું પોઝિટિવ આવ્યો હતો.વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' દરમ્યાન એન્ટી લારવલ એક્ટીવીટી તેમજ ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં





રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ. મેડીકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રીપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલ અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાક ના સેમ્પલ લેવામાં આવ્યા હતા.વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, તા. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટ અને અદાણી મેડીકલ કોલેજની ટીમ દ્વારા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ સાથે થયેલ કામગીરીની અને વધુ કાર્યવાહી કરવા માટે બેઠક કરવામાં આવી હતી. અદાણી મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરેલ ઈન્વેસ્ટીગેશન કેસોનું બ્લડ સેમ્પલ. સીઝનલ ફલુ, કોવીડ-૧૯ અને બ્લડ સીરમ સેમ્પલ લેવામાં આવ્યું હતું.

જેમાં ૧૧ દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફલુ પોઝિટિવ આવ્યો હતો . તેમજ તમામ ૧૧ સેમ્પલ કોવિડ-૧૯ નેગટીવ આવ્યા હતા. જે સેમ્પલ મેડીકલ કોલેજ રાજકોટ, ઁઝસ્ઈ દ્વૈંફ ઁહી ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.વધુમાં તેમણે જણાવ્યું કે, મેલેરિયા ડેન્ગ્યુ અને સિઝનલ ફલુ પોઝિટિવ આવેલ તમામ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ દર્દીઓની તબિયત સારી છે. લખપત અને અબડાસાના ૦૬ ગામોમાં આલ્ફા સાઈફરમેથરીનેં ઈજી અને મેલેથિયન છંટકાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સાથોસાથ ગામોની શાળાઓમાં મેડિકલ ઓફિસરની ટીમો દ્વારા વિઝીટ કરવામાં આવી રહી છે.

અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ઓફિસની ટીમ દ્વારા ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. મેડિકલ ઓફિસર, આરબીએસકે મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર અને અન્ય પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા સઘન સર્વલન્સની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત છે.

## આખલા સાથે અથડાયા પછી ડમ્પર કાર પર પડતાં ત્રણ યુવકનાં મોત

। પ્રતિનિધિ,મોરબી, તા.૧૦ ।

આજે સવારે મોરબી-વાંકાનેર હાઈવે રોડ ઉપર વાંકાનેર તરફથી ડમ્પર આવી રહ્યું હતું. જે પલટી મારીને વાંકાનેર તરફ જઈ રહેલી આર્ટિકા કાર ઉપર પડતા આ અકસ્માતનો બનાવ બન્યો છે. મળતી માહિતી પ્રમાણે ગમખ્વાર અકસ્માતના આ બનાવમાં મોરબીમાં આવેલ ઉમા ટાઉનશીપ ખાતે રહેતા તુષાર બાલુભાઈ માલવિયા (ઉ.૩૦), જાબુઆના રહેવાસી વરૂણભાઈ ઉર્ફે ગુડ્ડુ વાસકલે (ઉ.૨૮) અને મધ્યપ્રદેશના રહેવાસી મહેશ સિંગાર (ઉ.૨૩) નામના ત્રણ યુવાનોના મોત નીપજયાં છે. આ બનાવમાં સુવિધાબેન તુષારભાઈ માલવીયા (ઉ.૨૪) અને તેની દીકરી દીના તુષારભાઈ માલવીયા (ઉ.૯)ને ઈજા થયેલી હોવાથી ૧૦૮ દ્વારા સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલમાં લઈને આવ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે,આર્ટિકા કાર મોરબી તરફથી વાંકાનેર બાજુ જવાના રસ્તા ઉપરથી પસાર થઈ રહી હતી.

## અમદાવાદના નારોલમા જમવા જેવી બાબતમાં પત્નીની કરપીણ હત્યા

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં ફરી એક વખત હત્યાનો બનાવ નારોલ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયો છે. પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે. અમદાવાદના પૂર્વ વિસ્તારના નારોલમાં ગણેશ ચતુર્થીના દિવસે પતિએ પોતાની પત્નીની હત્યા નીપજાવી હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઇ છે. સામે પતિએ ઠંડા કલેજે પત્નીની હત્યા કર્યા બાદ પતિ નારોલ પોલીસ સમક્ષ હાજર થયો હતો અને પોતાની પત્નીની હત્યાની કબુલાત કરી હતી. સમગ્ર ઘટનાની માહિતી મેળવ્યા બાદ નારોલ પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગણેશ ચતુર્થીના દિવસે રાતના સમયે જમવા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે પતિ પ્રદીપે પત્ની પ્રજ્ઞાને દુપટ્ટાથી ગળે ટૂંકો દઈ હત્યા નીપજાવી હતી.

## IVFથી ગર્ભધારણ કરતા પશુઓ માટે રૂ. ૫,૦૦૦ની સહાય અપાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાતની ગાય-ભેંસની ઉત્પાદકતા વધારીને ટકાઉ રીતે દૂધ ઉત્પાદનમાં વધારો મેળવી પશુપાલકોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનાવવા માટે રાજ્ય સરકારે અનેક નવીન આયામો અમલમાં મૂક્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે પશુઓમાં ઈંનવિટ્રો ફર્ટીલાઈઝેશન તકનીક થકી સફળ ગર્ભધારણ કરાવતા પશુપાલકોને રૂ. ૫,૦૦૦ સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે વિસ્તૃત માહિતી આપતા પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, પશુ સંવર્ધન થકી દૂધ ઉત્પાદનમાં ટકાઉ રીતે વધારો મેળવવા માટે ગુજરાત સરકાર અદ્યતન ટેકનોલોજીને પૂરતું પ્રોત્સાહન આપી રહી છે. સેક્સડ સીમન ડોઝની જેમ જ ગુજરાત સરકાર દ્વારા હવેઁફ્લ્ન કરાવતા પશુ માટે પણ રૂ. ૫,૦૦૦ સહાય આપવામાં આવશે. પશુપાલકો બહોળા પ્રમાણમાંઁફ્લ્ન તકનીકનો ઉપયોગ કરી શકે તે માટે પ્રાયોગિક તબક્કે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને આણંદ જિલ્લાના પશુપાલકોને આ સહાય આપવામાં આવશે. આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ માંગને અને જરૂરિયાત પ્રમાણે યોજનાનું વિસ્તરણ કરવામાં આવશે.વધુ દૂધ ઉત્પાદન અને સારી આનુવંશિક ગુણવત્તા ધરાવતા બચ્ચાઓનો જન્મ થતા પશુપાલકોની આવકમાં પણ વધારો થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### યાત્રિકો અંબેના દર્શન કર્યા બાદ અચૂક માતાજીનો મોહનથાળનો પ્રસાદ લેવાનું ચૂકતા નથી

# યાત્રાધામ અંબાજીમાં ભક્તો માટે 3 લાખ કિલો મોહનથાળનો પ્રસાદ બનાવ્યો

। પ્રતિનિધિ, અંબાજી, તા.૧૦ ।

અંબાજી ખાતે ભરાનારા ભાદરવી પૂનમના મેળાને હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે, જેમાં લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી ખાતે ઉમટી પડશે. અંબાજીના માર્ગો "બોલ મારી અંબે, જય જય અંબે" ના નાદથી ગુંજી ઉઠશે. અંબાજી આવતા યાત્રિકો મંદિરમાં અંબેના દર્શન કર્યા બાદ અચૂક માતાજીનો મોહનથાળનો પ્રસાદ લેવાનું ચૂકતા નથી. મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરમાં વર્ષોથી વહેંચાતો આવ્યો છે. આ વખતના મેળા માટે પણ મંદિર ટ્રસ્ટ દ્વારા ત્રણ લાખ કિલો ઉપરાંત આ મોહનથાળનો પ્રસાદ તૈયાર કરાવી રહ્યા છે, જેના નાના-મોટા ૨૫ લાખ પ્રસાદના બોક્સ તૈયાર કરાશે. અંબાજી મંદિરમાં પણ પ્રસાદ લેવા માટે ભક્તોની લાઈન લાગે છે. ભક્તો માતાજીના પ્રસાદના એક નહીં અનેક પેકેટ યાત્રિકો સાથે લઈ જતા હોય છે અને યાત્રિકો દ્વારા એવું પણ જણાવાયું છે કે જો અંબાજી જઈએ "મોહનથાળનો પ્રસાદ ન લાવીએ તો યાત્રા અધૂરી ગણાય." મોટી સંખ્યામાં ભક્તો માના આ મોહનથાળના પ્રસાદનો લાભ લેતા હોય છે. એટલું જ નહીં, અંબાજી મંદિર સ્થાન ટ્રસ્ટ દ્વારા મોહનથાળના પ્રસાદની સાથે ચીકીનો પ્રસાદ પણ વેચાણમાં મુકેલો છે અને તે પણ યાત્રિકો ખરીદતા હોય છે. પણ મહત્વની બાબત તો એ છે કે યાત્રિકોની પ્રથમ પસંદગી મોહનથાળની હોય છે અને ત્યારબાદ એક સ્વાદ માટે કે પછી મંદિરમાં ચીકી વેચાતી હોય પ્રસાદ સ્વરૂપે ફરાળી ચીકી માનીને પ્રસાદ ગ્રહણ કરવામાં આવે છે. જ્યારે અમુક યાત્રિકો એવા પણ હોય છે કે તેમને માત્ર મોહનથાળ વેચાય છે તેવી જ ખબર છે, ચીકીથી તો હજી ભક્તો પણ અજાણ છે. અંબાજી મંદિરમાં વેચાતા ચીકી અને મોહનથાળના વેચાણ માટે અલગ અલગ સેન્ટર બનાવેલા છે. યાત્રિકો પ્રસાદ કેન્દ્રની બારી ઉપરથી ટોકન લઈ બીજી બારીએથી પ્રસાદ લેવાનો થાય છે. ૨૫ રૂપિયાનું નાનું પેકેટ અને ૫૦ રૂપિયાનું ૨૦૦ ગ્રામ વાળું મોટું પેકેટ યાત્રિકો ખરીદતા હોય છે. જ્યારે ચીકી પણ ૨૫ રૂપિયાની એક બોક્સ મળે છે. એક બોક્સમાં ચીકીના ચાર પીસ મુકેલા હોય છે.

## પંચમહાલના ગોધરા નીટ પ્રકરણમાં ચોંકાવનારો ખુલાસો

। પ્રતિનિધિ,ગોધરા, તા.૧૦ ।

પંચમહાલમાં ગોધરા નીટ પ્રકરણમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ષડયંત્રના ભાગરૂપે સીસીટીવી ગોઠવવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો છે. બધા વિસ્તાર કવર ન થાય તે રીતે સીસીટીવી ગોઠવાયા હોવાનું કહેવાયું છે. ચોરી સરખી રીતે થાય તે માટે સીસીટીવી સરખા ગોઠવાયા ન હતા. જય જલારામ સ્કૂલમાં આયોજનબદ્ધ રીતે ષડયંત્ર રચાયું હતું. સીબીઆઈ તપાસમાં આ ષડયંત્ર આયોજનબદ્ધ રીતે રચાયું હોવાનો પર્દાફાશ થયો હતો. પાંચ આરોપી સામે સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થઈ છે.ગોધરામાં થયેલા નીટ પરિક્ષા કૌભાંડ મામલે સમગ્ર મામલો CBI દ્વારા તપાસમાં લીધા બાદ હવે ફરી એકવાર CBIની ટીમ ગોધરા સર્કિટ હાઉસ ખાતે આવી હતી. CBIના ૬ અધિકારીઓ દ્વારા તપાસનો દોર આગળ વધારીને વધુ લોકોની પુછપરછ કરાઈ રહી હોવાની વિગતો જાણવા મળી છે. CBIના પાંચ અધિકારીઓ ગોધરા કલેક્ટર કચેરી ખાતે આવ્યા છે.

## ગોંડલમાં ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની સૌદ્ધાંતિક મંજૂરી

। પ્રતિનિધિ, ગોંડલ, તા.૧૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની સૌદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે. ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો.આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર ૧ જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે.



## સ્થાનિક પોલીસ કંટ્રોલરૂમ દ્વારા સતત મોનિટરીંગ કરવામાં આવશે

# ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના સમયે કોઇ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસ એલર્ટ

### પોલીસ ટીમો ઉપરાંત સમગ્ર રાજ્યમાં એસઆરપીની ૩૦ કંપની તૈનાત કરવામાં આવી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ |

દેશભરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે છેલ્લા બે દિવસમાં સુરત અને ખેડાના કઠલાલમાં અનિચ્છનીય ઘટનાઓ ઘટી છે. આ ઘટનાઓના સંદર્ભમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ આઈજીપી અને ડીએસપી સાથે વીડિયો કોન્ફરન્સ કરીને તેની માહિતી મેળવી હતી. આગામી ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના તહેવારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તેની તકેદારી માટે સૂચન કર્યા હતા. આ ઉપરાંત રાજ્યમાં એસઆરપીની ૩૦ કંપની તૈનાત કરવામાં આવી છે. સુરતમાં વધારાની એસઆરપી પણ રવાના કરવામાં આવી છે.




સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટના અને ખેડાના કઠલાલમાં પણ ગણેશ ઉત્સવની ઉજવણી વખતે થયેલી તકરારને લઈને પોલીસ એલર્ટ છે. લાંબા સમય બાદ રાજ્યમાં ગણેશ ઉત્સવમાં અથડામણ કે પથ્થરમારાની ઘટના નોંધાઈ છે. જેની ડીજીપીએ ગંભીર નોંધ લીધી છે. ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, રાજ્યભરની પોલીસ ગણેશ ઉત્સવ અને ગણેશ વિસર્જનની તૈયારીમાં લાગી ગઈ છે. રાજ્યમાં કુલ ૯૩ હજારથી વધુ ગણેશ પ્રતિમાઓનું સ્થાપન કરાયું છે. જે પૈકી ૭૩ હજાર પ્રતિમાનું વિસર્જન તા. ૧૭મીએ કરાશે. આ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. ઉપરાંત, ઈદે મિલાદમાં પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, સુરતવાળી ઘટનામાં છ બાળકોએ પથ્થરમારો કર્યો હોવાનું ખૂલ્યુ છે. તેમની સામે કાયદાની મર્યાદામાં રહીને પગલાં લેવાયા છે. આ ઉપરાંત આ બન્ને અનિચ્છનીય ઘટનાઓમાં કુલ ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સુરતમાં પથ્થરમારાની ઘટનાને લઈને પોલીસ કમિશનર તરત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સમગ્ર પરિસ્થિતિ થાળે પાડી હતી. ગુનેગારોને ઝડપી લેવામાં આવ્યા છે.

ગણેશ ઉત્સવની શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવણી થાય તે માટે પોલીસ કમિશનરે એક્શન પ્લાન ઘડ્યો છે. જેમાં તહેવાર સંપન્ન થાય નહીં સુધી પોલીસ ઈન્સ્પેક્ટર અને ઉપરી અધિકારીઓએ પોતાનું કાર્યક્ષેત્ર છોડવાનું રહેશે નહીં. ગણેશ પંડાલમાં રાત્રે પૂજા અને અર્ચના કરવામાં આવતી હોવાથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા શહેરના તમામ પોલીસ ઈન્સ્પેક્ટર અને એસીપીના રાત્રે ૧૨ વાગ્યાના લોકેશન મેળવવામાં આવશે. તમામ અધિકારીઓએ પોતાના વિસ્તારમાં સાંજે સાતથી રાત્રે ૧૨ સુધી સતત પેટ્રોલિંગ કરવાનું રહેશે. શી ટીમ ગણેશ પંડાલની સતત વિઝિટ લેતી રહેશે, હોમગાર્ડસ પણ તૈનાત કરાશે. આ ઉપરાત તમામ મંડપ આજુબાજુના સીસીટીવી કેમેરા એક્ટિવ રખાશે.

## હવે સવાલ એ છે કે, આ બાળકોને ઉશ્કેરી કોણ રહ્યું છે?

# સુરત શહેરમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટનામાં પથ્થરમારો કરનાર સગીર નીકળ્યા

| પ્રતિનિધિ, સુરત, તા.૧૦ |

સુરતના સૈયદપુરાના વરિયાવી બજારમાં ગણેશ પંડાલમાં પથ્થરમારાની ઘટના બાદ સ્થિતિ વણસી છે. સમગ્ર મુદ્દે પોલીસ આખી રાત એક્શનમાં રહી અને પોલીસે કોમ્બિંગ પણ હાથ ધર્યું હતુ અને ઘરે ઘરે જઈ તપાસ કરી અને તાળા તોડી કાર્યવાહી કરી આરોપીઓને ઝડપી લીધા હતા. આ ઘટનમાં અત્યાર સુધીમાં ૨૭ જેટલાં અસામાજિક તત્વોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે હવે ચોંકાવનારી બાબત સામે આવી છે.પથ્થરમારાની ઘટના બાદ પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે ત્યારે ખુલાસો થયો કે આ ષડયંત્ર છે જેનો ઉદ્દેશ શાંતિ ભંગ કરવાનો હતો. પણ સૌથી ચોંકાવનારી બાબત આ ઘટનામાં એ સામે આવી છે કે પથ્થરમારો કરનારા ૧૨થી ૧૩ વર્ષની ઉંમરના વિધર્મી સગીર બાળકો હતા.આ સમગ્ર ઘટના મામલે હવે સામે આવ્યું છે ૬ મુસ્લિમ બાળકોએ પથ્થરો ફેંક્યા હતા. તમામ બાળકોની ઉંમર ૧૨થી ૧૩ વર્ષની છે. બાળકો રીક્ષામાં બેસીને આવ્યા હતા. મળતી માહિતી મુજબ આ બાળકો સૈયદપુરા વિસ્તારના ન હતા પણ એકથી દોઢ કિલોમીટર દૂરથી તેઓ રિક્ષામાં બેસીને આવ્યા હતા. હવે સવાલ એ છે કે, આ બાળકોને ઉશ્કેરી કોણ રહ્યું છે?

## જ્યોર્જિયામાં ભણતી વડોદરાની યુવતીનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

| ન્યૂઝ બ્યૂરો, વડોદરા, તા.૧૦ |

હાલ વડોદરામાં રહેતી અને જ્યોર્જિયામાં એબીબીએસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ તેના નિવાસ સ્થાને રહસ્યમય સંજોગોમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. ઘટનાની જાણ થતા ફતેગંજ પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે અને કયા સંજોગોમાં જીવન ટૂંકાવ્યું તે શોધી રહી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં રહેતા પ્રિન્સી ક્રિશ્ચન નામની યુવતી જ્યોર્જિયામાં એમબીબીએસનો અભ્યાસ કરતી હતી.પ્રિન્સી ક્રિશ્ચન હાલ વેકેશન હોય વડોદરા નતાશા પાર્ક સોસાયટીમાં પોતાના ઘરે આવી હતી. પરંતુ કોઈ કારણોસર પ્રિન્સી ક્રિશ્ચને પોતાના નિવાસ સ્થાને ઘરે પંખા પર દુપટ્ટા વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સુત્રો જણાવી રહ્યા છે કે અભ્યાસના ટેન્શનમાં અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે.







## તંત્રી લેખ...

# મોંઘવારી હજુ વધુ

દેશમાં મોંઘવારીના કારણે લોકો ખુબ ત્રસ્ત થયેલા છે. સામાન્ય લોકોની તકલીફ મોંઘવારીને લઈને રહેલી છે. આના કારણે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે. સારી આવક ધરાવતા લોકો પણ પરેશાન છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કેવી છે તે સમજી શકાય છે. છેલ્લા આઠ વર્ષથી નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઈ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઈ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઈ પગલા જાહેર થઈ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઈને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સૈનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઈ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઈ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઈ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઈને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે. પરંતુ આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. વચન આપવામાં આવ્યા હોવા છતાં પણ છેલ્લા ૬૮ વર્ષમાં બેરોજગારી પણ દુર થઈ નથી અને મોંઘવારી પણ દુર થઈ નથી.

## થોડું હટકે...

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે. હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેકશન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

# સેનેટાઇજર નથી તો ચિંતાની વાત નથી

કોરોના પર હવે બ્રેકની સ્થિતી આવી ગઈ છે. પરંતુ કોરોનાના કારણે ઘણા બોધપાઠ લેવાની જરૂર છે. કોઈ પણ વાયરસના હુમલાના કેસમાં સાવધી રાખવા માટે કેટલાક ઉપાય ઘરમાં કરી શકાય છે. ઘરમાં સેનેટાઈઝર નથી તો પરેશાન થવાની બિલકુલ જરૂર નથી. અડધી બાલ્ટીમાં ગરમ પાણી કરી લેવાની જરૂર હોય છે અને તેમાં નમક અથવા તો મિઠાની ચાર ચમચી નાંખીને મિક્સ કરી દેવાની જરૂર હોય છે. આ પ્રકારના પાણીથી હાથ, પગ, મો અને નાકના અંદરના હિસ્સાને વારંવાર સાફ ધોવાથી ફાયદો થાય છે. જો આવુ કરવામાં આવે તો કોઈ વાયરસની અસર થશે નહીં. જે લોકોને શરદી અને ઉધરસની તકલીફ છે તે લોકોને પણ સાવધાની રાખવાની જરૂર હોય છે. આના પ્રયોગ કરવાથી આરામ મળે છે. જે લોકોના ગળમાં ખરાશ રહે છે તે લોકો પણ આ પ્રયોગ કરે તો તેમને ફાયદો થાય છે. ગળામાં ખરાશ છે અને ઈન્ફેક્શનની અસર છે તો ગરમ પાણીમાં મીઠુ મિક્સ કરીને તેમાં હલ્દર નાંખીને પીવાથી ફાયદો થાય છે. દાંતોની સમસ્યામા પણ ફાયદો થાય છે. સરસોના તેલમાં કોઈ પણ વાયરસ જીવિત રહી શકે તેમ નથી. તેના તેલમાં એક ચપટી હલ્દર મિલાવીને નાક કાનમાં લગાવવાથી ફાયદો થાય છે. બીજી બાજુ હાલમાં રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત રાખવામાં આવે તે જરૂરી છે. ફેફસાની મજબુતી માટે કસરતની સાથે સાથે હેલ્થી ડાઈટ પણ જરૂરી રહે છે. નિયમિત હેલ્થી ડાઈટ લેવાથી શરીરના સેલ્સ સ્વસ્થ રહે છે. ફેફસાના ઈન્ફેક્શનથી બચવા માટે કેટલાક તરીકે રહેલા છે. જે પૈકી એક તરીકો વિટામિન અને પ્રોટીન રીચ ડાઈટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ફેંફસાની મજબુતી માટે કસરત કરવાની જરૂર રહે છે. સામાન્ય અને શાકાહારી ભોજન ફેફસા માટે ઉપયોગી રહે છે. તેમાં વિટામીન, એન્ટી ઓક્સીડેન્ટ ભરપુર માત્રામાં રહે છે. જેના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે.



### લાંબા ગાળે પૃથ્વી પર વિનાશનુ તાંડવ તો ચોક્કસ થશે કારણ કે...

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઇ જવાની જરૂર છે આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ**

# સુરક્ષાના નામ પર વિનાશને આમંત્રણ

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષથી સાબિતી મળી રહી છે : વિશ્વના દેશો વચ્ચે સ્પર્ધા વચ્ચે ઘણી બેદરકારી રાખી રહ્યા છે જે જોખમી**

વિશ્વના દેશોમાં સુરક્ષા અને વિકાસના નામ પર હથિયારોને લઈને ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે આની સાથે જ પૃથ્વી પર કયામતનુ કાઉન્ટ ડાઉન પણ ચાલી રહ્યુ છે. આ વાત કોઈ અન્ય સામાન્ય લોકો નહી બલ્કે વિશ્વના ટોચના વૈજ્ઞાનિક સ્ટીફન હોંકિગ કબુલી ચુક્યા છે.

સ્ટીફન હોકિંગે થોડાક સમય પહેલા આ અંગેની વાત કરીને તમામને સાવધાન કરવાના પ્રયાસ કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગ, જેનેટિકલી એન્જિનિયર્ડ વાયરસ અને ન્યુક્લિયર વોરના કારણે પૃથ્વીના અસ્તિત્વ સામે સંકટ ઉભુ થઈ ગયુ છે તેવા સંકેત તેમણે આપ્યા હતા. વિજ્ઞાનની હાલમા જે રીતે પ્રગતિ થઈ રહી છે તેના કારણે ખતરા વધી રહ્યા છે. વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ. ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઈ જવાની જરૂર છે. આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે. વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ. સુરક્ષાની ચિંતામાં અમે અમારા વિનાશના જ સામાન ભેગા કરી રહ્યા છીએ. જેથી એક વાત તો નક્કી છે કે આગામી ૧૦૦ અથવા તો એક હજાર વર્ષમાં પૃથ્વી પર વિનાશનુ તાંડવ થશે જ. હોલિવુડની ફિલ્મોમાં જ નહી અસલની લાઈફમાં પણ જેનેચિકલી એન્જિનિયર્ડ વાયરસના પ્રકોપને અમે જોઈ ચુક્યા છીએ.



ઈબોલા વાયરસના કારણે અમે આફ્રિકામાં મોતના તાંડવને નિહાળી ચુક્યા છીએ.

વર્ષ ૨૦૧૪-૧૫માં ઈબોલા વાયરસના ફેલાવાના કારણે ભારે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. ભારે જહેમત ઉઠાવ્યા બાદ તેને અંતે મહા બિમારી બની જવાથી રોકવામાં સફળતા મળી હતી. છતાં હજારો લોકોને જાન ગુમાવી દેવાની ફરજ પડી હતી. જેનેટિકલી રીતે એન્જિનિયર્ડ વાયરસ આના કરતા પણ વધારે તબાહી મચાવી શકે છે. કેટલાક દેશો પોતાની સુરક્ષાના નામે એવા જૈવિક હથિયારો જમા કરી રહ્યા છે જેમાં આ પ્રકારના ઘાતક વાયરસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આનો ઉપયોગ તબાહી સર્જી શકે છે. અમે દરરોજ સામાન્ય રીતે કોઈને કોઈ નવા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. કેટલાક ગેસ લીક થવાના બનાવો અમે જોઈ ચુક્યા છીએ. નવા નવા વાયરસ અંગે વાંચી પણ રહ્યા છીએ. હાલમાં સ્કીન કેન્સરની સારવાર માટે ટી-વેક થેરાપીની શોધ કરવામાં સફળતા મળી છે. તેના મુજબ શરીરની પ્રતિરોધક ક્ષમતાને જ વિકસિત કરીને કેન્સરની સામે લડી શકાય છે. પરંતુ હોકિન્સ આ મામલે અમને સાવધાન કરે છે. તેમના કહેવા મુજબ આમા ખુબ જોખમ છે. કારણ કે જીનને મોડીફાય કરવા ઓડે આવનાર સંજોગોને લઈને વધારે વૈજ્ઞાનિક શોધ થઈ નથી.

શંકા છે કે આવા વાયરસનો તોડ કોઈ એન્ટી બાયોટિકની પાસે જ ન હોય. સ્ટીફન હોકિન્સે વર્ષ ૨૦૦૭માં લિયોનાર્ડો ડિ કેપ્રિયોની દસ્તાવેજી ફિલ્મમાં ચિંતા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે અમે જાણતા નથી કે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી ક્યારેય ખતમ થશે તેમને કહ્યુ છે કે જો સમય રહેતા કોઈ સુધારાના પગલા લેવામાં નહી આવે તો એ દિવસ દુર નથી જ્યારે ધરતી શુક્રની જેમ બની જશે. જ્યા તાપમાન ૨૫૦ ડિગ્રી થઈ જાય છે અને એસિડનો વરસાદ થાય છે. સંકેત બિલકુલ સ્પષ્ટ છે કે ઔદ્યોગિક ક્રાન્તિ બાદ ધરતીનુ સરેરાશ તાપમાન ૦.૮ ડિગ્રી સુધી વધી ગયુ છે. અમે વિકાસ માટે કોલસા અને પેટ્રોલિયમનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છીએ.

આના કારણે કાર્બન ડાઈ ઓક્સાઈડ અને ગ્રીન પ્રભાવ અસર કરનાર કેટલીક ગેસો જન્મ લેશે. વિશ્વના જુદા જુદા ભાગોમાં ગ્લોબલ વોર્મિંગની અસર દેખાવવા લાગી ગઈ છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે માનવીય દરમિયાનગીરીના કારણે અનનીનોની અસર પણ જોવા મળી શકે છે. તેનો સીધો સંબંધ ગ્લોબલ વોર્મિંગથી છે.હવે વધુ સાવધાની જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગ જટિલ સમસ્યા અને એક પડકાર તરીકે છે. ગ્લોબલ વોર્મિંગ મામલે ભારત પણ વિશ્વના દેશો સાથે ગંભીર છે. વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ તમામ સામાન્ય લોકોને વધારે જાગૃત થવાની જરૂરીયાત દેખાઈ રહી છે.



### લાલચી સ્કીમોમાં ફસાઇને રોકાણકારો પરસેવાની કમાણી ગુમાવે છે

**બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે**

# રોકાણકારો રોજ લાખો ગુમાવે છે

**દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું સ્વપ્ન જોનાર ભારત જેવા દેશ માટે રોકાણકારોના હિતમાં નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે**

ભારતની ગણતરી દુનિયાના એવા દેશોમાં થાય છે જ્યાં મૂડીરોકાણકારોના હિત પ્રત્યે વધારે ગંભીરતા નજરે પડતી નથી. અહિં વારંવાર એક પછી એક કૌભાંડો આવતા રહે છે. ક્યારે શારદા કૌભાંડ સપાટી પર આવે છે તો ક્યારે સહારા કૌભાંડ સપાટી પર આવે છે. દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટેનું સ્વપ્ન નિહાળનાર દેશ માટે આ કોઈ શુભ સંકેત નથી અથવા તો લક્ષ્યાંક પણ નથી.

એક ઝડપથી વધતી અર્થવ્યવસ્થા માટે મૂડીરોકાણકારોના હિતોને પ્રાથમિકતા આપવાની બાબત કેમ જરૂરી છે. તેના માટે કયા પગલા લેવા જોઈએ. તેને લઈને જ અમે આજે આ વિષય પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. મૂડીરોકાણકારોના હિતને લઈને અસરકારક નીતિની સાથે સાથે છેતરપિંડી આચરનાર લોકો સામે સાવધાન રહેવામાં આવે તે પણ જરૂરી છે. ઘણા રોકાણકારો દરરોજ પોંજી સ્કીમ અથવા તો આકર્ષક યોજનાઓના સકંજામાં આવીને પોતાની સંપત્તિ ગુમાવી બેસે છે. આવી સ્થિતિથી મૂડીરોકાણકારો સાવધાન રહે તે જરૂરી છેમૂડીરોકાણના માધ્યમથી આવક ઉભી કરવાની ઈચ્છા દરેક વ્યક્તિની હોય છે. આ મૂડીરોકાણ ઘણા પ્રકારના હોઈ શકે છે. જેમાં બેંકમાં જમા, બીન બેન્કીંગ કંપનીઓમાં ફિક્સ ડિપોઝિટ, સામૂહિક



મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ તથા ચીટ ફંડનો સમાવેશ થાય છે. બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે. જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે જ્યારે ચીટ ફંડને કંપની લો બોર્ડના માધ્યમથી રાજ્ય મેનેજ કરે છે પણ મુશ્કેલી એ છે કે આ તમામમાં ખૂબ ઓછા અંતરની સ્થિતિ રહે છે. આ અંતર એટલું ઓછું હોય છે કે સામાન્ય વ્યક્તિ તો ભ્રમમાં અને દુવિધામા મૂકાય જ છે સાથે સાથે પોતે નિયામક સંસ્થાઓ પણ કહી શકે છે કે આ સંસ્થાઓ અમારી હદમાં આવતી નથી.

આ બીજા નિયામકનો મામલો છે. આ ભ્રમ અને અવ્યવસ્થાના લીધે અનેક મૂડીરોકાણની ગતિવિધિને વધુ મજબુતી સાથે આગળ વધાવાની તક મળે છે જે કોઈ પણ રજિસ્ટર્ડ સંસ્થા નથી અને ગેરકાયદેરીતે મૂડીરોકાણની પ્રવૃત્તિ ચલાવે છે.એમ માની લેવા માટેનું કોઈ કારણ નથી કે કોઈ એક મૂડીરોકાણ શ્રેષ્ઠ છે અને બીજા મૂડીરોકાણમાં ખરાબી રહેલી છે. દરેક મૂડીરોકાણમાં કોઈને કોઈ વિશેષતા ગ્રાહકો માટે રહે છે. સાથે સાથે કેટલીક શરતો પણ ઘેરાયેલી હોય છે. કયામાં રોકાણની બાબત સારી છે અને કયામાં રોકાણથી નુકસાન છે. આ બાબત નક્કી કરવાની જવાબદારી મૂડીરોકાણકારોની હોય છે. ઘણી બધી રોકાણની યોજનાઓ હોવાથી મૂડીરોકાણકાર માટે આ બાબતની જાણકારી મેળવવી અશક્ય બની જાય છે કે તે જે મૂડીરોકાણના માધ્યમથી રોકાણ કરે છે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે કે કેમ આ કામ રેગ્યુલેટર અથવા તો નિયામક સંસ્થાઓનુ રહે છે. શારદા જેવી પોંજી સ્કીમો અથવા તો ફ્રોડ કંપનીઓ સપાટી પર ન આવે તે જોવાનું કામ રેગ્યુલેટરનું હોય છે. દાખલા તરીકે ચીટ ફંડ યોજનાને સામાન્યરીતે ફ્રોડ મૂડીરોકાણ સમજવામાં આવે છે. પણ વાસ્તવિકતા એ છે કે કેરળ અને તમિળનાડુ જેવા રાજ્યોમાં આ યોજના સફળતાથી ચાલી રહી છે.

આના અંકુશ માટે એક કાયદો બનાવવામાં આવ્યો છે. થોડાક સમય પહેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે તમિળનાડુની ચીટ કંપનીઓની પાસે ત્યાંની બેંકો કરતા પણ વધારે નાણાં છે. આ બાબત એટલા માટે શક્ય બની કે આ રાજ્યમાં ચીટ કંપનીઓ માટે નિયમો ઘણા સારા રાખવામાં આવ્યા છે.

જો કોઈ ચીટ ફંડ કંપની કાયદાની હદમાં રહીને કામ કરે તો તેને પોતાના પૈસાને માત્ર ચાર સ્થાનોમાં ખર્ચ કરવની મંજૂરી મળે છે. પ્રથમ ચીટ ફંડ ચલાવવા માટે જ્યારે બીજું ચીટ ફંડ કંપનીઓના સભ્યોને ઉછીના નાણાં આપવા. ત્રીજું સ્વીકૃત બોન્ડ અને અન્ય રોકાણમાં રોકાણ કરવા અને ચોથુ બેંકમાં જમા કરવાની મંજુરી મળે છે. ચીટફંડ કંપનીઓ પોતાના પૈસાનો ખર્ચ કાયદાની દૃષ્ટિએ કરી શકવાની સ્થિતિમાં હોતી નથી. પૂર્વ કેન્દ્રિય નાણાં અનેગૃહ પ્રધાન ચિદમ્બરમના પત્નિ નલિનીની હવે પુછપરછ કરવામાં આવનાર છે. તેમાંથી પણ કેટલીક વિગત સપાટી પર આવી શકે છે.



### ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...

**ભારત એક શાંતિપ્રિય દેશ છે, ચીન આર્થિક અને રણનિતી સાથે સંબંધિત પ્રભાવ વધારીને આગળ વધવા માટે ઇચ્છુક છે તે સરહદી વિવાદને લઇને વારંવાર જટિલ સ્થિતી સર્જે છે તે ભારતના નેપાળ જેવા મિત્ર દેશ પર પ્રભાવ વધારીને માનસિક ભય સર્જવાના પ્રયાસ કરે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હમેંશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઈ ગઈ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઈ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઈને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે



કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે.

ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે.

આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## સપા પોતાના બળવાખોર ધારાસભ્યો સામે કાર્યવાહી કરવાના મૂડમાં નથી ?

। લખનૌ, તા.૧૦ ।

સમાજવાદી પાર્ટી તેના બળવાખોર ૭ ધારાસભ્યો સામે કાર્યવાહી કરવાના મૂડમાં નથી. આ જ કારણ છે કે બળવાના છ મહિના પછી પણ તેમની સામે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કાર્યવાહી કરવા માટે વિધાનસભાના અધ્યક્ષને કોઈ અરજી આપવામાં આવી નથી. આને ધારાસભ્યોના મતદારોની સહાનુભૂતિ મેળવવા માટે સપાની રણનીતિનો ભાગ માનવામાં આવી રહ્યો છે. જો કે, વિધાનસભામાં સપાના ચીફ વ્હીપ કમલ અખ્તરનું કહેવું છે કે બળવાખોર ધારાસભ્યોને છટકી જવાની કોઈ તક ન મળે તે માટે મજબૂત પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

## વંદે ભારત અચાનક બંધ થઈ : માલગાડીના એન્જીનથી હંકારવી પડી

। નવીદિલ્હી, તા.૧૦ ।

હાવડા રેલવે લાઈનની ડાઉન લાઈન પર વંદે ભારત એક્સપ્રેસ એન્જિનમાં ટેકનિકલ ખામીને કારણે બંધ થઈ ગઈ હતી અને ભરથાણા-સામ્હો સ્ટેશન વચ્ચે સિગ્નલ નંબર ૫૧૪ પર ઉભી રહી ગઈ હતી. જેના કારણે અડધો ડઝન ટ્રેન પાછલા સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી. ઈટાવાથી માલસામાન ટ્રેનનું એન્જિન મંગાવીને વંદે ભારત ટ્રેનને સ્ટેશન લાવવામાં આવી હતી.અહીં મુસાફરોએ બીજી ટ્રેન દ્વારા મોકલવામાં આવતા હોબાળો પણ મચાવ્યો હતો. રેલવેએ મુસાફરોને વંદે ભારત અને લખનઉ સ્વર્ણ શતાબ્દી એક્સપ્રેસ દ્વારા કાનપુરથી અયોધ્યા મોકલ્યા હતા.

## યુવતીને ૨૦ દિવસ હોટલમાં બંધક બનાવી શારીરિક શોષણ કર્યું

। હૈદરાબાદ, તા.૧૦ ।

હૈદરાબાદમાં એક વિદ્યાર્થી સાથે બનેલી ગંભીર ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે તેના ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે તેને હૈદરાબાદની એક હોટલના રૂમમાં ૨૦ દિવસ સુધી બંધક બનાવીને રાખી અને આ સમયગાળા દરમિયાન તેની સાથે વારંવાર બળાત્કાર કર્યો. આ મામલો સામે આવ્યા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી પીડિતાને સલામત સ્થળે પહોંચાડી હતી.૨૦ દિવસના આ કપરા સમય દરમિયાન, પીડિતાએ તેના પરિવારને વોટ્સએપ દ્વારા તેની સ્થિતિ વિશે જાણ કરી.

## ૫૬ ઈંચની છાતી હવે ઈતિહાસ બની ગઈ છે : કોગ્રેસ નેતા રાહુલ ગાંધી

। નવીદિલ્હી, તા.૧૦ ।

આ દિવસોમાં રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે પહોંચ્યા છે. અહીં તે સતત અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યો છે. દરમિયાન રાહુલ ગાંધીએ આજે ??જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને વાતચીત કરી હતી. ત્યારબાદ રાહુલ ગાંધી વર્જીનિયા જશે અને એનઆરઆઈને મળશે. સોમવારે રાહુલ ગાંધીએ ડલાસની એક યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી. રાહુલ ગાંધીએ જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કહ્યું કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ પછી ભારતમાં ઘણું બદલાઈ ગયું છે. આ દરમિયાન તેણે કહ્યું કે હવે ભારતમાં લોકોને ડર નથી લાગતો.તેમણે કહ્યું કે મારા માટે એ રસપ્રદ છે કે ભાજપ અને પીએમ મોદીએ એટલો ડર ફેલાવ્યો કે થોડી જ વારમાં બધું ગાયબ થઈ ગયું.

### આરએસએસ ચીફ મોહન ભાગવતે કહ્યું

# કેટલાક તત્વો નથી ઈચ્છતા કે ભારત આગળ વધે, પરંતુ કોઈનાથી ડરવાની જરૂર નથી...

**'હિન્દુ' શબ્દ એક વિશેષણ છે જે વિવિધતાઓની સ્વીકૃતિનું પ્રતીક છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક હેતુ માટે અસ્તિત્વ ધરાવે છે અને વસુધૈવ કુટુમ્બકમના વિચારને આગળ ધપાવવા માટે આવ્યો છે : મોહન ભાગવત**

। નવી દિલ્હી તા.૧૦ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સોમવારે મોટું નિવેદન આપ્યું છે. આરએસએસ ચીફે કહ્યું, કેટલાક તત્વો નથી ઈચ્છતા કે ભારત વિકાસ કરે અને આગળ વધે. તેઓ વિકાસના માર્ગમાં અવરોધો ઉભા કરી રહ્યા છે, પરંતુ કોઈનાથી ડરવાની જરૂર નથી, કારણ કે છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં પણ આવી જ સ્થિતિ હતી,

પરંતુ તેનો સામનો ધર્મની શક્તિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો.સંઘ પ્રમુખ અહીં લેખક ડૉ. મિલિંદ પરાડકર દ્વારા લખાયેલા 'તંજાવર્ચે મરાઠે' પુસ્તકના વિમોચન કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, ધર્મનો અર્થ માત્ર પૂજા (કર્મકાંડ) નથી, પરંતુ તે એક વ્યાપક ખ્યાલ છે જેમાં સત્ય,



કરુણા, 'તપશ્ચર્ય' (સમર્પણ)નો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું કે 'હિન્દુ' શબ્દ એક વિશેષણ છે જે વિવિધતાઓની સ્વીકૃતિનું પ્રતીક છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક હેતુ માટે અસ્તિત્વ ધરાવે છે અને 'વસુધૈવ કુટુમ્બકમ' (વિશ્વ એક પરિવાર છે)ના વિચારને આગળ ધપાવવા માટે આવ્યો છે.સ્ભાગવતે કહ્યું કે ભૂતકાળમાં ભારત પર 'બાહ્ય' હુમલા મોટા પાયા પર દેખાતા હતા, તેથી લોકો સતર્ક હતા, પરંતુ હવે તે અલગ-અલગ સ્વરૂપમાં દેખાઈ રહ્યા છે. મોહન ભાગવતે તાટક અને પુતનાની વાર્તા પણ સંભળાવી હતી અને કહ્યું હતું કે, જ્યારે તાટક (રામાયણમાં એક રાક્ષસ)એ હુમલો કર્યો ત્યારે ઘણી અરાજકતા ફેલાઈ ગઈ હતી અને તે માત્ર એક તીરથી (રામ અને લક્ષ્મણ દ્વારા) માર્યો ગયો હતો, પરંતુ પુતના (રાક્ષસ, જે તે બાળક કૃષ્ણને મારવા માટે કાકીના વેશમાં આવી હતી. તેણી (શિશુ કૃષ્ણ)ને સ્તનપાન કરાવવા માંગતી હતી, પરંતુ કારણ કે તે કૃષ્ણ હતો (જેણે તેને મારી નાખ્યો). આરએસએસ ચીફે વધુમાં કહ્યું કે, આજની સ્થિતિ પણ એવી જ છે. હુમલાઓ આવી રહ્યા છે અને તે દરેક રીતે વિનાશક છે, પછી તે આર્થિક, આધ્યાત્મિક કે રાજકીય હોય. તેમણે કહ્યું કે કેટલાક તત્વો ભારતના વિકાસના માર્ગમાં અવરોધો ઉભા કરી રહ્યા છે અને વૈશ્વિક મંચ પર તેના ઉદયથી ડરે છે, પરંતુ તેઓ સફળ થશે નહીં. તેમણે કહ્યું, જેમને ડર છે કે જો ભારત મોટા પાયે વિકાસ કરશે તો તેમના ધંધા બંધ થઈ જશે, આવા તત્વો દેશના વિકાસના માર્ગમાં અવરોધો ઉભી કરવા માટે તેમની તમામ શક્તિનો ઉપયોગ કરી રહ્યા છે.

### કોંગ્રેસે કરી ફરિયાદ

# ચૂંટણી પંચે માનવ અધિકાર પંચના ખાલી પદો ભરવાના નિર્ણય ઉપર રોક લગાવી

। હરિયાણા, તા.૧૦ ।

હરિયાણાની ૯૦ વિધાનસભા સીટો પર ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે. આ માટે તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરંતુ આ દરમિયાન ચૂંટણી પંચે હરિયાણાની વર્તમાન સરકારને ઝટકો આપ્યો છે. હકીકતમાં, ચૂંટણી પંચે હરિયાણામાં રાજ્ય માનવાધિકાર આયોગમાં નિમણૂકને સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. રાજ્ય સરકાર ચૂંટણી પહેલા ગયા વર્ષથી પંચની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માંગતી હતી. પરંતુ ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે હવે કોઈપણ નવી ભરતી વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાના ત્રણ અઠવાડિયામાં જ કરવામાં આવશે. મતલબ કે હવે જે કંઈ કરવાનું છે તે નવી સરકાર જ કરશે.ચૂંટણી પંચે આ આદેશ હરિયાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિની ફરિયાદ પર આપ્યો છે. ચૂંટણી પંચે હરિયાણા રાજ્ય માનવાધિકાર આયોગના અધ્યક્ષ, સભ્ય (ન્યાયિક) અને સભ્ય (નોન-જ્યુડિશિયલ)ની



નિમણૂક માટેની પસંદગી સમિતિની બેઠક હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગિત કરી દીધી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પદો ગત વર્ષથી ખાલી પડી હતી. એક રિટ પિટિશન પર કાર્યવાહી કરતા, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ૫ એપ્રિલે રાજ્ય સરકારને લોકસભા ચૂંટણીની આચાર સંહિતા અથવા સ્ઝ્ઝ પાછી ખેંચવાની તારીખથી ૩ અઠવાડિયાના સમયગાળાની અંદર તમામ પોસ્ટ ભરવાનો નિર્દેશ આપ્યો હતો.પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોર્ટની સૂચનાનું પાલન કરવામાં આવ્યું ન હતું. જ્યારે પૂરતો સમય ઉપલબ્ધ હતો. આ દરમિયાન તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. ૮ સપ્ટેમ્બરે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવી હતી. પરંતુ વ્યૂહરચના તરીકે, રાજ્યના વકીલની વિનંતી પર તેને ૧૨ નવેમ્બર સુધી મુલતવી રાખવામાં આવી હતી. હવે પંચે પોતાના આદેશમાં કહ્યું છે કે આ પદો એક વર્ષથી વધુ સમયથી ખાલી છે. આવી સ્થિતિમાં હવે આ જગ્યાઓ પર ભરતી ચૂંટણી પરિણામ બાદ જ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે હરિયાણામાં ૫ ઓક્ટોબરે મતદાન થવાનું છે. અહીં એક જ તબક્કામાં મતદાન થવાનું છે. પરિણામ ૮ ઓક્ટોબરે આવશે.

### તેજસ્વીએ સ્પષ્ટ કર્યું કે આગામી સમયમાં નીતિશ કુમારના સાથે ગઠબંધન નહીં કરે

# અમે ૨-૩ વખત કલ્યાણ કર્યું, નીતિશ માટે તમામ રસ્તા બંધ છે : તેજસ્વી યાદવ

। પટણા, તા.૧૦ ।

બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને આરજેડી નેતા તેજસ્વી યાદવે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આગામી સમયમાં નીતિશ કુમારના જનતા દળ યુનાઈટેડ સાથે કોઈ ગઠબંધન નહીં કરે. જ્યારે નીતીશ સાથે ગઠબંધન વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેજસ્વીએ કહ્યું કે તેઓ ૨-૩ વખત કલ્યાણ કરી ચૂક્યા છે, પરંતુ હવે તમામ રસ્તાઓ બંધ છે. તેમણે કહ્યું કે નીતીશ પહેલા અમને લઈ જવા વિનંતી કરે છે અને પછી પાછા ફરે છે. આવી સ્થિતિમાં હવે નીતીશજીને લેવાનો સવાલ જ ઊભો થતો નથી.નીતીશ કુમારે જાન્યુઆરી ૨૦૨૪માં પક્ષ બદલ્યો. તેમણે તેમની કેબિનેટનું વિસર્જન કર્યું અને એનડીએમાં જોડાયા અને ફરીથી રાજ્યમાં સરકાર બનાવી. તેમણે નવમી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.



અગાઉ તેઓ આરજેડી સાથે ગઠબંધન સરકારમાં હતા. આ સરકારમાં તેજસ્વી યાદવ મુખ્યમંત્રી હતા.બિહારમાં ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં નીતિશ કુમારની પાર્ટી જેડીયુ એનડીએ ગઠબંધનનો ભાગ હતી. રાજ્યની ૨૪૩ બેઠકોમાંથી ૧૨૫ બેઠકો એનડીએના ખાતામાં ગઈ અને ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળી. ભાજપને ૭૪ અને જેડીયુને ૪૩ બેઠકો મળી હતી. જો કે, નીતિશ કુમારે ૫ાછળથી પક્ષો બદલ્યો અને આરજેડી સાથે ગઠબંધન કર્યું જેણે ૭૫ બેઠકો જીતી, પરંતુ લોકસભાની ચૂંટણી પહેલા, તેઓ ફરીથી ભાજપ સાથે જોડાણમાં જોડાયા. મહત્વની વાત એ છે કે હાલમાં કેન્દ્રમાં એનડીએ ગઠબંધનની સરકાર નીતિશ કુમારના સમર્થનથી જ બની છે.૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ એક જ ફ્લાઈટમાં દિલ્હી પહોંચ્યા હતા

## રાખી સાવંતની સૌતન પ્રેગ્નન્ટ, આદિલ ખાન બનશે પિતા!

। મુબંઇ, તા.૧૦ ।

રાખી સાવંતની સૌતન પ્રેગ્નન્ટ છે? દીપિકા-રણવીર પછી આદિલ ખાન બનશે પિતા!દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ તાજેતરમાં પેરેન્ટ્સ બન્યા છે. આ દરમિયાન રાખી સાવંતના પૂર્વ પતિ આદિલ ખાન વિશે સમાચાર આવી રહ્યા છે કે તે લગ્નના ૬ મહિના પછી પિતા બનવા જઈ રહ્યો છે.બોલિવૂડ અભિનેત્રીઓ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે તાજેતરમાં એક બાળકીને જન્મ આપ્યો છે.બંનેના લગ્ન વર્ષ ૨૦૧૮માં થયા હતા અને લગ્નના ૬ વર્ષ બાદ બંને માતા-પિતા બન્યા હતા. આ ખુશખબર આવ્યા બાદ ચાહકોની ખુશી સાતમા આસમાને પહોંચી ગઈ છે. દીપિકા પાદુકોણ સિવાય ઈન્ડસ્ટ્રીમાં એવી ઘણી અભિનેત્રીઓ છે જેમણે આ વર્ષે પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી છે. આ સેલેબ્સ ક્યારે સારા સમાચાર આપશે તે જાણવા માટે ફેન્સ પણ આતુર છે.આ દરમિયાન રાખી સાવંતની સૌતન જીદ્ઘૈ ્દ્ઘટ્ઠહ ની પ્રેગ્નન્સીના સમાચાર આવવા લાગ્યા છે. એવી ચર્ચા છે કે બિગ બોસની ભૂતપૂર્વ સ્પર્ધક ટૂંક સમયમાં માતા બનવા જઈ રહી છે. હવે આદિલ ખાન દુર્રાનીએ પોતે વાયરલ થઈ રહેલા આ સમાચારો પર પ્રતિક્રિયા આપી છે.જણાવી દઈએ કે રાખી સાવંતના પૂર્વ પતિ આદિલ ખાન દુર્રાનીએ માર્ચ ૨૦૨૪માં બિગ બોસની પૂર્વ સ્પર્ધક સોમી ખાન સાથે બીજા લગ્ન કર્યા હતા.

### અરુણાચલમાં ચીનની ઘૂસણખોરીના દાવા પર રિજિજુએ કહ્યું

# ચીન હોય કે અન્ય કોઈ, અમે કોઈને અમારી જમીન લેવા નહીં દઈએ...

**અરુણાચલ પ્રદેશમાં કેટલાક વિસ્તારો એવા છે જ્યાં કુલ વિસ્તાર નક્કી નથી, શરૂઆતથી જ સીમાઓ નક્કી કરવામાં આવી નથી**

। અરુણાચલ, તા.૧૦ ।

અરુણાચલ પ્રદેશમાં ચીનની ઘૂસણખોરીના નવા દાવા પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુનું નિવેદન સામે આવ્યું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયામાં બતાવવામાં આવ્યું હતું કે ચીની પીએલએ (સેના)એ અરુણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં કેટલાક નિશાન લગાવ્યા છે.'કિરેન રિજિજુએ વધુમાં કહ્યું, 'આપણે બધા પરિસ્થિતિ જાણીએ છીએ. ભારત સરકાર, આપણું સંરક્ષણ મંત્રાલય અને વિદેશ મંત્રાલય વાટાઘાટોમાં વ્યસ્ત છે. અમારી સ્થિતિ સ્પષ્ટ છે કે ચીનની સેના અથવા ચીની દળોને તેમની નિયંત્રણ રેખાની બહાર કોઈપણ પ્રકારનું કાયમી માળખું બનાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'અરુણાચલ પ્રદેશમાં કેટલાક વિસ્તારો એવા છે જ્યાં કુલ વિસ્તાર નક્કી નથી. શરૂઆતથી જ સીમાઓ નક્કી કરવામાં આવી નથી. તો આવી સ્થિતિમાં આપણી ભારતીય



સેના અને ચીનની સેનાઓ એકબીજાના નિયંત્રણવાળા વિસ્તારોમાં આગળ વધતા રહે છે. દુર્ગમ અને અજાણ્યા ભૂપ્રદેશને કારણે, કેટલીકવાર પેટ્રોલિંગ પાર્ટીઓ એવા વિસ્તારોમાં જાય છે જે નક્કી કરવામાં આવ્યા નથી. તેઓ નિશાનો બનાવવાનો પ્રયાસ કરે છે, જમીન પર અમુક પ્રકારની વસ્તુઓ પણ મૂકે છે.ઘૂસણખોરીના દાવા અંગે વાત કરતા રિજિજુએ કહ્યું, 'જ્યારથી અમારી સરકાર સત્તામાં આવી છે ત્યારથી ચીનને અમારી નિયંત્રણ રેખાની અંદર કોઈ કાયમી માળખું સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી નથી અને તેને મંજૂરી આપવામાં આવશે નહીં.

# રાજૌરીમાં આતંકવાદ વિરોધી ઓપરેશન વચ્ચે ચૂંટણી માટે તૈયાર

। નવી દિલ્હી, તા.૧૦ ।

જમ્મુ અને કાશ્મીરનો મુખ્ય જિલ્લો રાજૌરી આતંકવાદીઓ વિરુદ્ધ સક્રિય ઓપરેશન વચ્ચે આગામી વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરી રહ્યો છે. જ્યાં ભારતીય સેના નિયંત્રણ રેખા ના ૧૨૦ કિલોમીટર લાંબા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી રહી છે, ત્યારે ચૂંટણી પંચ પણ આ લોકતાંત્રિક પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના પ્રયાસો કરી રહ્યું છે.ચૂંટણી અધિકારીઓની ટીમે જિલ્લાના ૭૪૫ મતદાન મથકો પર 100% વેબકાસ્ટિંગ સુનિશ્ચિત કરવાનું આયોજન કર્યું છે. અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં આ વખતે ૬૫ નવા મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે, જેથી તમામ મતદારો મતદાન કેન્દ્રો સુધી પહોંચી શકે.ચૂંટણી કંટ્રોલ




રૂમમાં અધિકારીઓની મુખ્ય જવાબદારી મતદાન મથકો પર દેખરેખ રાખવાની, સુરક્ષાની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે તેની ખાતરી કરવી અને ઝ્રૈંખ્તૈંન્ન એપ્લિકેશન દ્વારા મળેલી ફરિયાદોનું નિરાકરણ કરવાની છે.ચૂંટણી અધિકારીઓનું કહેવું છે કે તેમણે તેમના અધિકારીઓને માત્ર ચૂંટણી વ્યવસ્થાપન સુધી મર્યાદિત રાખવાને બદલે સમગ્ર લોકતાંત્રિક પ્રક્રિયાને સરળ અને ન્યાયી બનાવવા માટે તાલીમ આપી છે. તેમણે કહ્યું, ''આ વખતે અમે મતદાર મતદાન અને મતદાનમાં નવા રેકોર્ડ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ.રાજૌરી જિલ્લા કમિશ્નર અભિષેક શર્માએ જણાવ્યું હતું કે, ''આ ચૂંટણી માત્ર મત આપવાના માર્ગ તરીકે નહીં પરંતુ લોકશાહીના તહેવાર તરીકે ઉજવવામાં આવી રહી છે. અમે મતદાન મથકોની સંખ્યામાં વધારો કર્યો છે, મતદાનના દિવસે વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું છે અને પ્રથમ વખત , વરિષ્ઠ નાગરિકો અને ખાસ વિકલાંગ મતદારોને ઘરે મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

# દિલ્હીમાં ફટાકડાના ઉત્પાદન અને ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ

। । નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હી સરકારે વાયુ પ્રદૂષણને પહોંચી વળવા માટે ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર ૧ જાન્યુઆરી સુધી પ્રતિબંધ મૂક્યો હતો. પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે આ માટે નિર્દેશ આપ્યા છે. ગયા વર્ષની જેમ આ વખતે પણ દિલ્હીમાં ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. ૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ફટાકડાના ઓનલાઈન વેચાણ અને ડિલિવરી પર પણ પ્રતિબંધ રહેશે.પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું કે પ્રતિબંધને કડક રીતે લાગુ કરવા માટે દિલ્હી પોલીસ, ડીપીસીસી અને રેવન્યુ વિભાગ સાથે મળીને એક એક્શન પ્લાન બનાવવામાં આવશે. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે સરકાર ૨૧ ફોકસ પોઈન્ટ પર આધારિત વિન્ટર એક્શન પ્લાન તૈયાર કરી રહી છે

### નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું

# જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત થશે, ભલે તેમાં વર્ષો લાગે

। જમ્મુ, તા.૧૦ ।

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું હતું કે રાજ્યમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવામાં આવશે, ભલે તેમાં ઘણા વર્ષો લાગી જાય. આ જમ્મુ-કાશ્મીરના લોકોનો અવાજ છે. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એક દિવસ પહેલા જ રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે જ્યારે ભાજપ સત્તામાં છે ત્યારે કલમ ૩૭૦ ક્યારેય પાછી નહીં આવે.



અબ્દુલ્લાએ બારામુલ્લામાં કહ્યું કે હું તેમને પૂછવા માંગુ છું કે તેમને (ભાજપ) તેને રદ કરવામાં કેટલા વર્ષ લાગ્યા? તેને પુનઃસ્થાપિત કરવામાં અમને ઘણા વર્ષો લાગી શકે છે, પરંતુ અમે ચોક્કસપણે તેને પુનઃસ્થાપિત કરીશું. આ સમગ્ર જમ્મુ-કાશ્મીરનો અવાજ છે, આ લોકોનો અવાજ છે.તાજેતરના આતંકવાદી હુમલાઓનો ઉલ્લેખ કરતા અબ્દુલ્લાએ કહ્યું કે ભાજપે દાવો કર્યો હતો કે કલમ ૩૭૦ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનું મૂળ કારણ છે, પરંતુ તેને નાબૂદ કર્યા પછી પણ હુમલા થઈ રહ્યા છે. મારે તેમને પૂછવું છે કે આ આતંકવાદ ક્યાંથી આવી રહ્યો છે? જમ્મુ-કાશ્મીરમાં જે કંઈ થઈ રહ્યું છે તેના માટે નવી દિલ્હી જવાબદાર છે.કોંગ્રેસના નેતા વિકાર રસૂલ વાનીની ટિપ્પણી કે નેશનલ કોન્ફરન્સે લોકોનું લોહી ચૂસ્યું છે. તેના પર અબ્દુલ્લાએ કહ્યું કે તેનાથી ગઠબંધન પર કોઈ અસર નહીં થાય.



## હિન્દી ફિલ્મોમાં સ્પોર્ટ્સ માટેનું વળગણ વિખ્યાત છે

# ચિત્રાંગદા-મિલિંદ સોમણ મેદાનની નહીં, મગજની રમતમાં ખેલાડી બનશે



હિન્દી ફિલ્મોમાં સ્પોર્ટ્સ માટેનું વળગણ વિખ્યાત છે. સામાન્ય રીતે ક્રિકેટ અથવા ક્રિકેટર પર ફિલ્મ બનાવવામાં જોખમ ઓછું રહે છે. સ્પોર્ટ્સ ઉપ રાંત હોકી અને ફૂટબોલ પર ક્યારેક ફિલ્મ બને છે, પ રંતુ પત્તાની રમત પર ગેમ બનાવવાની કવાયત શરૂ થઈ છે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ અને મિલિંદ સોમણ લીડ રોલમાં છે. ફિલ્મના પ્રોડ્યુસર સુબોધ મસ્કરા અગાઉ બ્રિજ પ્લેયર રહી ચૂક્યા છે. તેમની સાથે મિલિંદ સોમણ આ ફિલ્મમાં કો-પ્રોડ્યુસર છે. મિલિંદે કહ્યું હતું કે, આપણા દેશમાં વધારે રમતો રમાતી નથી. આપણે ક્રિકેટ, હોકી અને ફૂટબોલથી પરિચિત છીએ. નિરજ ચોપરાના કારણે જેવેલિનને અલગ ઓળખ મળી. તે પહેલાં લોકો આ રમતને ઓળખતા પણ ન હતા. મોટા ભાગે લોકો પત્તાથી દૂર રહેવાનું કહે છે. પત્તાને પણ રમતની જેમ સમજવાની અને એન્જોય કરવાની જરૂર છે. પ્રોડ્યુસર સુબોધના મતે, ચેસની જેમ બ્રિજ પણ પડકારજનક છે. પત્તા રમવાની બાબતને જુગાર સાથે જોડી દેવામાં આવે છે, પરંતુ બ્રિજ પણ ચેસ જેટલું જ માનસિક રીતે પડકારજનક છે. આ ફિલ્મમાં ચિત્રાંગદા પણ કો-પ્રોડ્યુસર છે. ચિત્રાંગદા વાસ્તવિક જીવનમાં પણ બ્રિજ પ્લેયર છે. ૨૦૨૩માં તેણે એશિયન ગેમ્સમાં બ્રિજ માટે મેડલ મેળવ્યું હતું. આમ, ફિલ્મના બંને લીડ સ્ટાર્સે કો-પ્રોડ્યુસરની જવાબદારી પણ લીધી છે.

# તમન્નાનો ડરઃ તે પણ માતા-પિતા જેવી બની જશે

## 'સ્ત્રી ૨'માં તેના સ્પેશિયલ એપિયરન્સે દરેકનું ધ્યાન ખેંચ્યું



તમન્ના ભાટિયાની ફિલ્મો પાછલા કેટલાક સમયથી ખાસ ચાલી રહી નથી, પરંતુ 'સ્ત્રી ૨'માં તેના સ્પેશિયલ એપિયરન્સે દરેકનું ધ્યાન ખેંચ્યું છે. તમન્ના ભાટિયાએ વિજય વર્મા સાથેના રિલેશનશિપને સ્વીકાર્યા બાદ તેમના લગ્ન અંગે અટકળો ચાલી રહી છે. લગ્ન અને પરિવારની વાત આવતાં જ તમન્નાને એક ડર સતાવે છે. આ અંગે વાત કરતાં તમન્નાએ કહ્યું હતું કે, તેને સંતાનને જન્મ આપવામા અને ઉછેરવામાં ખૂબ બીક લાગે છે અને તેનું કારણ માતા-પિતા છે. તમન્નાએ એક પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતું કે, સંતાનને ઉછેરવામાં આપણું પોતાનું સ્તર વધારવું જરૂરી છે. આ ઉપરાંત બાળકની કાળજી રાખવાની અને તેના વ્યક્તિત્વને નિખારવાની જવાબદારી હોય છે. મારા પેરેન્ટ્સ મને ખૂબ લાડ લડાવતા હતા અને તેના કારણે હું ખૂબ અવ્યવસ્થિત થઈ ગઈ હતી. તેથી મને સંતાનોને ઉછેરવા બાબતે બીક લાગી રહી છે. તમન્ના અને વિજય વર્માએ રિલેશનશિપ કન્ફર્મ કરીને સરપ્રાઈઝ આપી હતી. તમન્નાને અગાઉના રિલેશનશિપમાં કડવા અનુભવ થયા હતા. આ અંગે વાત કરતાં તમન્નાએ કહ્યું હતું કે, તેને દરેક રિલેશનશિપ માં સમસ્યા માટે તૈયાર રહેવાની સલાહ મળી હતી. રિલેશનશિપ હોય, ત્યાં સમસ્યા રહેશે જ તેવું લોકો કહેતા હતા. ઉલ્લેખનીય છે કે, તમન્ના અને વિજય વર્માએ પોતાના સંબંધોને જાહેર કર્યા બાદ પણ ગોપનીયતા જાળવી રાખી છે. આ અંગે વિજયે કહ્યું હતું કે, રિલેશનશિપને ખાનગી રાખવા હોય તો સાથે ફરવામાં કે મિત્રો સાથે ફોટો પાડવામાં પણ ધ્યાન રાખવું પડે છે. આ પ્રકારના બંધનોથી વ્યક્તિત્વ બંધાઈ જાય છે.

# 'બાબુજી'એ દારૂ ના પીધો હોય, ત્યારે સંસ્કારી રહેઃ હિમાની શિવપુરી

## ૨૦૧૮-૧૯માં મી ટુ ઝુંબેશ દરમિયાન આલોક નાથ પર આરોપ લાગ્યા હતા, ફિલ્મો અને ટીવી સિરિયલ્સમાં 'બાબુજી'ના રોલ માટે આલોક નાથને ઓળખવામાં આવે છે



ફિલ્મો અને ટીવી સિરિયલ્સમાં 'બાબુજી'ના રોલ માટે આલોક નાથને ઓળખવામાં આવે છે. રીલ લાઈફમાં સંસ્કારી વ્યક્તિનો રોલ કરનાર તથા અન્યોમાં સંસ્કાર સિંચન કરવા તત્પર રહેનારા 'બાબુજી' રીયલ લાઈફમાં સાવ અલગ હોવાના દાવા અગાઉ થયેલા છે. આ અંગે વાત કરતાં આલોક નાથના કો-એક્ટર હિમાની શિવપ ુરીએ જણાવ્યુ હતું કે, બાબુજીએ દારૂ ના પીધો હોય, તો જ તેઓ સંસ્કારી રહે છે. દારૂ પીધા પછી તેમનું વર્તન સાવ બદલાઈ જાય છે. હિમાનીએ પોડકકાસ્ટ દરમિયાન આલોક નાથને સેટ પર સભ્ય અનેશિસ્ત પ્રિય વ્યક્તિ ગણાવ્યા હતા. તેમણે કહ્યુ હતું કે, મેં તેમની સાથે ઘણું કામ કર્યું છે. આલોક નાથે દારૂ ના પીધો હોય, ત્યાં સુધી જ તેઓ સંસ્કારી રહે છે. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની એક ઘટનાને બાદ કરવામાં આવે તો તેમના કારણે કોઈ સમસ્યા થઈ નથી. એક એવોર્ડ ફંક્શન માટે આલોક નાથ સાથે મુસાફરીના કિસ્સાની વાત કરતાં હિમાનીએ જણાવ્યું હતું કે, દારૂ પ ીધા પછી તે બેકાબૂ બની ગયા હતા. મેં તથા તેમની પત્નીએ શાંત કરવા પ્રયાસ કર્યા અને આખરે તેમને ધમકી આપવી પડી હતી કે, બહુ ધમાલ કરશો તો પ્લેનમાંથી ઉતરી દેશે. એક વખત ખરાબ વર્તનના કારણે તેમને પ્લેનમાંથી ઉતારી પણ દેવાયા હતા. જો કે સેટ પર હોય ત્યાં સુધી તેઓ એકદમ શાંત અને પ્રોફેશનલ રહેતા હતા. ઘડિયાળમાં ૮ વાગી જાય તે પછી અલગ વ્યક્તિ બની જતા હતા. ૨૦૧૮-૧૯માં મી ટુ ઝુંબેશ દરમિયાન આલોક નાથ પર આરોપ લાગ્યા હતા. રાઈટર-પ્રોડ્યુસર વિનિતા નંદાએ તેમને જાતિય હુમલાના જવાબદાર ગણાવ્યા હતા. તે પછી નવનીત નિશાન, સંધ્યા મૃદુલ સહિત 'હમ સાથ સાથ હૈં'ની ટીમે પણ આ જ પ્રકારના અનુભવો વર્ણવ્યા હતા. મી ટુને લગતા આરોપો બાદ આલોક નાથ લાંબો સમય લોકોની નજરથી દૂર રહ્યા હતા.

# દુઃખ હરતા, સુખ આપતા ઉત્સવના શ્રીગણેશ

સર્વના જીવને દુઃખમાંથી મુક્તિ મળે અને જીવન મંગલમય બને તેવી કામના સાથે સમગ્ર વિશ્વમાં ગણેશોત્સવનો પ્રારંભ થયો છે. પોતાના ઘરે ભગવાન ગણપતિની મૂર્તિની સ્થાપના કરવા અને મિત્રો-પ રિવાર સાથે તેમની આરતી ઉતારવાથી રિદ્ધિ-સિદ્ધિના આશીર્વાદ પણ મળે છે. બોલિવૂડમાં ગણેશોત્સવનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે અનેક સેલિબ્રિટીઝે પોતાના ઘરે ગણપતિજીની પધરામણી કરાવી છે અને આ પ્રસંગે દર્શન-પ્રસાદનો લાભ આપવાના આયોજનો પૂરજોશમાં ચાલી રહ્યા છે. ગણશ ચતુર્થીના દિવસે ભગવાનની સ્થાપના સાથે ઉત્સવના શ્રીગણેશ થયા હતા. સામાન્ય રીતે બોલિવૂડની પાર્ટીઓમાં ડાન્સ અને મસ્તી છવાયેલા રહે છે, પરંતુ આ વિશેષ પ્રસંગે ભજનો અને ભક્તિભર્યા માહોલની બોલબાલા છે ડિઝાઈનર-ફિલ્મ મેકર મનીષ મલહોત્રાએ ગણેશ સ્થાપના બાદ ઘરે પ ાર્ટી હોસ્ટ કરી હતી. આ પાર્ટીમાં રેખા, કાજોલ, કિયારા અડવાણી, પૂજા હેગડે, આયુષ્માન ખુરાના-તાહિરા કશ્યપ, સનાયા કપૂર, ખુશી કપૂર, અર્જુન કપૂર સહિત નિકટના મિત્રોએ ટ્રેડિશનલ ડ્રેસમાં હાજરી આપી હતી. શિલ્પા શેટ્ટીના ઘરે પણ સ્પેશિયલ આયોજન થયું હતું. શિલ્પાના ઘરે ભગવાન શ્રીજીના દર્શન માટે સેલિબ્રિટીઝે ફેમિલી સાથે હાજરી આપી હતી. બિપાશા બાસુ-કરણ ગ્રોવરની દીકરી દેવી તથા શિલ્પા-રાજ કુંદ્રાની દીકરી સમિશાના સાથે રમતા વીડિયો વાઈરલ થયા હતા.

# 'મારા માટે આરાધ્યા...' ઐશ્વર્યાએ કર્યો મોટો ખુલાસો


## શ્વેતાને પૂછ્યું કે ઐશ્વર્યાની કઇ વાત તમને ગમતી નથી?

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય દીકરી આરાધ્યા બચ્ચનની સાથે વધારે નજરે પડે છે. અનેક ઈવેન્ટમાં તેમજ બીજી કોઈ પણ જગ્યાએ ઐશ્વર્યા અને આરાધ્યા સાથે જોવા મળતાં હોય છે. થોડા સમય પહેલાં ઐશ્વર્યા અને આરાધ્યા અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં લગ્નમાં સાથે હાજરી આપી હતી, જ્યારે અભિષેક બચ્ચને મોમ જયા બચ્ચન, અમિતાભ તેમજ બહેનની સાથે એન્ટ્રી કરી હતી. જો કે ત્યારથી ઐશ્વર્યા અને અભિષેકનાં તલાકની અફવાઓએ જોર પકડયું છે.જો કે હાલમાં એક જૂનાં ઈન્ટરવ્યૂની વાત વાયરલ થઈ રહી છે. એક જૂનાં ઈન્ટરવ્યૂમાં ઐશ્વર્યા રાયે આરાધ્યાને પરી કહીને જણાવ્યું હતું કે, 'મારા માટે આરાધ્યા સૌથી પ હેલાં આવે છે, બાકી બધાં પછી આવે છે.' કરણ જોહરે જ્યારે શ્વેતાને પૂછ્યું કે ઐશ્વર્યાની કઈ વાત તમને ગમતી નથી? ત્યારે નણંદે આ વાતનો જવાબ આપ્યો કે, એ ફોન અને મેસેજનો જવાબ બહુ મોડા આપે છે. જ્યારે શ્વેતાને પૂછવામાં આવ્યું કે, ઐશ્વર્યાની કઈ આદત સહન કરે છે? ત્યારે જવાબ આપ્યો કે ટાઈમ મેનેજમેન્ટ.ઐશ્વર્યા રાય બચ્ચન બોલિવૂડની એક એવી અભિનેત્રી છે જેની ઝલક જોવા માટે ફેન્સ હંમેશા આતુરતાથી રાહ જોતાં હોય છે. ઐશ્વર્યાએ દીકરી આરાધ્યા બચ્ચનની સાથે હંમેશા સચેત રહે છે. ઐશ્વર્યા અને અભિષેક બચ્ચને ૨૦ એપ્રિલ ૨૦૦૭માં લગ્ન કર્યાં હતા. ત્યારબાદ ૧૬ નવેમ્બર ૨૦૧૧નાં રોજ દીકરી આરાધ્યાનું આ દુનિયામાં સ્વાગત કર્યું. સામાન્ય રીતે આરાધ્યા મોમ એશની સાથે વધારે સ્પોટ થતી રહે છે. ઈવેન્ટમાં પણ સાથે જોવા મળતી હોય છે.



# ઝહીર ઇકબાલે બાપ્પાની આરતી ઉતારી, સોનાક્ષી પર ઉઠ્યાં અનેક સવાલો

સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલ આ દિવસોમાં હેપ્પી મેરેજ લાઈફ એન્જોય કરી રહ્યાં છે. જો કે લગ્ન પછી કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચામાં રહેતાં હોય છે. સોનાક્ષીએ બાપ્પાની આરતી કરતાં એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયો શેર કરીને સોનાક્ષી ટ્રોલ થઈ છે. સોનાક્ષીએ ભગવાન ગણેશની આરતી કરતાં એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તમે જોઈ શકો છો કે સોનાક્ષી મસ્ત આઉટફિટમાં જોવા મળી રહી છે. આ સાથે ઝહીર પણ હેન્ડસમ હીરો લાગી રહ્યો છે.સોનાક્ષીએ વીડિયો શેર કરતાં કેપ્શનમાં લખ્યું છે કે, જ્યારે કોઈ કપલ સાચા મનથી એકબીજાને માન્યતાઓ સમ્માન કરે ત્યારે પ્રેમ સમ્માનનાં રૂપમાં વધી જાય છે. લગ્ન પછી અમારી પહેલી ગણપતિ પૂજા. આ પોસ્ટ પછી લોકોએ ધર્મને લઈને અનેક પ્રકારની પોસ્ટ કરી છે. એક યુઝર્સે લખ્યું છે કે, શું એ મસ્જિદમાં જઈને પ્રાર્થના કરશે? આ માત્ર મૂર્તિઓની પૂજા કરવા ઈચ્છે છે, પરંતુ અલ્લાહની નહીં. આ સાથે બીજા એક યુઝર્સે કોમેન્ટ કરતાં જણાવ્યું કે, આ કેવી રીતે મુસલમાન થયો. હું તમારી સાથે પૂરી રીતે સહમત છૂ કે કારણકે તમે મુસલમાન છો, તમારે માત્ર અલ્લાહને માનવાં જોઈએ.એક નારાજ યુઝર્સે લખ્યું છે કે, અરે ઝહીર ભાઈ આ તમે શું કરી રહ્યાં છો. ઈમાનનું પણ ધ્યાન છે કે નહીં. આ બધું પૂરું થઈ ગયુ છે. આમ, લોકોએ આવી જાતજાતની કોમેન્ટ્સ કરી છે.સોનાક્ષીએ ઈટાઈમ્સને આપેલાં ઈન્ટરવ્યૂમાં ઝહીરની વિશે વાત કરી હતી.



# સિદ્ધાર્થ ચતુર્વેદી-માલવિકા મોહનનનો ડાન્સ જોતાં રહી જશો

બોલિવૂડ એક્ટર સિદ્ધાંત ચતુર્વેદી એની અપ કમિંગ ફિલ્મ યુધ્રાને લઈને સતત છવાયલો રહે છે. આ એક ફૂલ એક્શન ફિલ્મ છે જેની ઝલક ટ્રેલરમાં જોવા મળી છે. ફિલ્મમાં સિદ્ધાંત ચતુર્વેદીની સાથે માલવિકા મોહનનની જોડી જામશે. આ વચ્ચે મેકર્સે યુધ્રાનું નવું સોન્ગ રિલીઝ કર્યું છે. આ સોન્ગનું નામ જીરહે ક્ષ્ટ્ટપ્તદ્ધૈ છે. આ સોન્ગમાં સિદ્ધાંત ચતુર્વેદી અને માલવિકા મોહનન ધમાકેદાર ડાન્સ કરતાં જોવા મળી રહ્યાં છે. આ સોન્ગ રિલીઝ થતાંની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયુ છે.કેન્ચી બીટ્સ અને જબરજસ્ત રિધમની સાથે જીરહે ક્ષ્ટ્ટપ્તદ્ધૈ એક ફૂલ પ ાર્ટી સોન્ગ છે. વીડિયોમાં સોન્ગમાં તમે જોઈ શકો છો કો સિદ્ધાંત અને માલવિકામાં એનર્જીથી ભરપૂર પ ર્ફોમ કરી રહ્યાં છે. સોન્ગને પ્રેમ અને હરદીપે કમ્પ ોઝ કર્યું છે. આ સાથે જાજ ધામી અનો સોના રેલેએ ગીતમાં અવાજ આપ્યો છે. રાજા રંધોકે આ સોન્ગનાં લિરિક્સ લખ્યાં છે. બોસ્કો-સીઝેનાં આ સોન્ગની કોરિયોગ્રાફી કરી છે.ગયા મહિને ઓગસ્ટમાં મેકર્સે યુધ્રાનાં અનેક પોસ્ટર્સ શેર કર્યાં હતા જેમાં સિદ્ધાંત ચતુર્વેદી ઈન્ટેસ લુકમાં નજરે પડ્યો હતો. આ ફિલ્મમાં એક્ટર પહેલીવાર એક્શન મોડમાં જોવા મળશે. સિદ્ધાંત ચતુર્વેદીએ ફિલ્મ માટે ખાસ તૈયારી કરી છે. પોતાની ભૂમિકાથી સ્સ્છ, કિકબોક્સિંગની પણ ટ્રેનિંગ લીધી છે. સિદ્ધાંત ચતુર્વેદીની યુધ્રા માલવિકા મોહનની પહેલી હિન્દી ફિલ્મ છે. લેટેસ્ટમાં ફિલ્મ તંગલાન રિલીઝ થઈ હતી, જેમાં ચિયાન વિક્રમની સાથે માલવિકા મોહનન નજરે પડી હતી.



# 'રામાયણ'માં અભિનેતા રણબીર કપૂરનો હશે ડબલ રોલ

## અમિતાભ બનશે જટાયુનો અવાજ

નિર્દેશક નિતેશ તિવારીની 'રામાયણ' એ બોલીવુડના એવા પ્રોજેક્ટ્સમાંથી એક છે જેની લોકો અને ઉદ્યોગ બંને આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી નિર્માતાઓએ આ ફિલ્મની કોઈ સત્તાવાર જાહેરાત શેર કરી નથી. પરંતુ કલાકારોના ઈન્ટરવ્યુ અને સેટ પરથી બહાર આવેલી તસવીરો પરથી જાણવા મળ્યું છે કે નીતીશ તિવારી રામાયણની વાર્તાને ખૂબ જ ભવ્ય અંદાજમાં પડદા પર લાવવા માટે તૈયાર છે. અત્યાર સુધી એવું બહાર આવ્યું છે કે ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન શ્રી રામનો રોલ કરી રહ્યો છે અને સાઈ પલ્લવી તેની પત્ની સીતાનો રોલ કરી રહી છે. ભગવાન હનુમાનની ભૂમિકા સની દેઓલને, લક્ષ્મણને રવિ દુબે અને કૈકેયીને લારા દત્તાને આપવામાં આવી છે. હવે આ ફિલ્મમાંથી બે રોમાંચક વિગતો સામે આવી છે. પીપિંગ મૂનના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રણબીર કપૂર 'રામાયણ'માં ડબલ રોલ ભજવવાનો છે. આ ફિલ્મમાં તે રામ અને પરશુરામ બંનેની ભૂમિકા ભજવશે. સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું છે કે 'રામાયણ'માં જ્યારે શ્રી રામે ભગવાન શિવનું ધનુષ્ય તોડ્યું હતું, ત્યારે તેમના ક્રોધ માટે પ્રખ્યાત પરશુરામ ત્યાં પહોંચ્યા હતા, ત્યારબાદ તેમની વચ્ચેનો એક અદ્ભુત સંવાદ 'રામાયણ'માં નોંધાયેલ છે. હિન્દુ પૌરાણિક કથાઓમાં, રામ અને પરશુરામ બંને ભગવાન વિષ્ણુના અવતાર છે. રામની વાર્તામાં પરશુરામનું પાત્ર ભલે નાનું હોય પણ તે ખૂબ મહત્વનું છે. અને 'રામાયણ'ના નિર્માતાઓએ નક્કી કર્યું છે કે તેઓ આ મહત્વ સાથે ફિલ્મમાં પરશુરામના પાત્રને દર્શાવશે.





કેદારનાથ હાઈવે પર ભારે ભૂસ્ખલન

# ૫ના મોત, અનેક મુસાફરો દટાયા હોવાની આશંકા

। દહેરાદુન,તા.૧૦ ।

ઉત્તરાખંડમાં કેદારનાથ હાઈવે તરીકે પ્રખ્યાત સોનપ્રયાગ-મુંકટિયા (રુદ્રપ્રયાગ) વચ્ચે ભૂસ્ખલન થયું છે. આ અકસ્માતમાં ૫ મુસાફરોના મોત થયા છે અને ૨ ઘાયલ થયા છે. જો કે, અન્ય ઘણા મુસાફરો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે જેમના માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્થાનિક વહીવટીતંત્ર,એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે.માહિતી મળતાની સાથે જ એસડીઆરએફ,એનડીઆરએફ અને સેક્ટર મેજિસ્ટ્રેટ સોનપ્રયાગને તાત્કાલિક બચાવ માટે રવાના કરવામાં આવ્યા હતા. આ દરમિયાન રેસ્ક્યુ ટીમે ઘટનાસ્થળે ૫ હોંચીને ઝડપી ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં ૫ મૃતકો અને ૨ ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે સોનપ્રયાગ મોકલવામાં આવ્યા છે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સોનપ્રયાગ-મુંકટિયા વચ્ચે કાટમાળ પડી જવાને કારણે થયેલા અકસ્માતના દુઃખદ સમાચાર મળતાં શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ખૂબ જ દુઃખદ માહિતી પ્રાપ્ત થઈ છે કે સોનપ્રયાગ-મુંકટિયા (રુદ્રપ્રયાગ) વચ્ચે કાટમાળને કારણે કેટલાક મુસાફરો દટાયા છે. હું પોતે સંબંધિત અધિકારીઓના સંપર્કમાં છું અને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યો છું.

ચીન અને તાઈવાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે

# ચીને ફરી એકવાર તાઈવાન બોર્ડર પાસે સત્તર લશ્કરી વિમાન મોકલ્યા

**સૈન્યએ અહેવાલ આપ્યો કે ૧૭માંથી બાર એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને પાર કરીને તાઈવાનના ઈસ્ટર્ન એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ્યા હતા**

। તાઈપેઈ, તા.૧૦ ।

ચીન અને તાઈવાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. બેઈજિંગ તેની ક્રિયાઓથી બચી રહ્યું નથી. ફરી એકવાર ચીની સેનાએ તાઈવાનની સરહદમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. જોકે, તાઈવાનની સેનાએ પણ જવાબ આપ્યો હતો. તાઈવાનના રક્ષા મંત્રાલયે કહ્યું કે તાઈવાનની સરહદ નજીક ચીનના વિમાન, નૌકાદળના જહાજો અને જહાજો જોવા મળ્યા હતા.



તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારની સવારે ૬ વાગ્યાથી મંગળવારે સવારે ૬ વાગ્યાની વચ્ચે ચીનના સાત નૌકા જહાજો, એક સત્તાવાર જહાજ અને ૧૭ લશ્કરી વિમાન તાઈવાનની આસપાસ ઉડતા જોવા મળ્યા હતા. સૈન્યએ અહેવાલ આપ્યો કે ૧૭માંથી ૧૨ એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને ૫ ાર કરીને તાઈવાનના ઈસ્ટર્ન એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ્યા હતા. તમને જણાવી દઈએ કે ચીન અને તાઈવાન વચ્ચેની આ જળ સંધિ એક અનૌપચારિક સરહદ છે.

તેના જવાબમાં, તાઈવાને ચીનની ગતિવિધિઓ પર નજર રાખવા માટે એરક્રાફ્ટ, નૌકાદળના જહાજો અને હવાઈ સંરક્ષણ મિસાઈલ સિસ્ટમ તૈનાત કરી.એમએનડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર આ માહિતી આપી. તાઈવાનના રક્ષા મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર કહ્યું, 'આજે સવારે તાઈવાનની આસપાસ ૧૭ વિમાન, સાત જહાજ અને એક જહાજ જોવા મળ્યા. ૧૨ એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને ઓળંગી અને તાઈવાનના ઉત્તર, મધ્ય, દક્ષિણપશ્ચિમ અને દક્ષિણપૂર્વીય છદ્ઢ માં પ્રવેશ્યા. અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.

અગાઉ, એમએનડીએ સોમવારે અહેવાલ આપ્યો હતો કે ૨૧ ચીની સૈન્ય વિમાન, સાત નૌકા જહાજો અને એક સત્તાવાર જહાજ રવિવારે (સ્થાનિક સમય) સવારે ૬ વાગ્યાથી સોમવારે (સ્થાનિક સમય) સવારે ૬ વાગ્યા સુધી તાઈવાન નજીક કાર્યરત હોવાનું જણાયું હતું. પીપલ્સ લિબરેશન આર્મીના ૧૬ એરક્રાફ્ટે તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખા ઓળંગી અને તાઈવાનના પૂર્વીય હવાઈ સંરક્ષણ ઓળખ ઝોનમાં પ્રવેશ કર્યો.

ઉલ્લેખનીય છે કે ચીન તાઈવાનને પોતાનો ભાગ માને છે જ્યારે તાઈવાન પોતાને એક સાર્વભૌમ રાષ્ટ્ર માને છે. અત્યાર સુધી ચીને તાઈવાન પર સીધો હુમલો કર્યો નથી.

## ઓસ્ટ્રેલિયામાં કેરળમાં જન્મેલા જિનસન ચાર્લ્સ ઉત્તર પ્રદેશમાં મંત્રી બન્યા

। રામેલબોર્ન, તા.૧૦ ।

કેરળમાં જન્મેલા જિનસન ચાર્લ્સ ઓસ્ટ્રેલિયાની નોર્ધન ટેરિટરી સરકારમાં મંત્રી બનવા જઈ રહ્યા છે. તેમણે તાજેતરની એનટી ચૂંટણીમાં શ્રમ મંત્રીને હરાવ્યા છે. તેઓ વિકલાંગતા, કલા, ભૂતપૂર્વ સૈનિકો અને બહુસાંસ્કૃતિક બાબતોના પ્રધાન બનશે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં આ જાણકારી આપવામાં આવી છે.ચાર્લ્સ સાથે ગુજરાતના ખોડા ૫ ટેલ પણ ગયા મહિને યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં જીત્યા છે. તેમની દેશની લિબરલ પાર્ટીએ ૨૪ ઓગસ્ટે યોજાયેલી ચૂંટણીમાં ૨૫માંથી ૧૭ બેઠકો જીતી હતી.રિપ ોર્ટ અનુસાર, ચાર્લ્સ અગાઉ હેલ્થ ફિલ્ડમાં કામ કરી ચૂક્યા છે. તેઓ હવે વિકલાંગતા, કલા, ભૂતપૂર્વ સૈનિકો અને બહુ-સાંસ્કૃતિક બાબતોના પ્રધાન તરીકે સેવા આપશે. આ સાથે તેઓ યુવા, વરિષ્ઠ નાગરિક અને સમાનતા બાબતો તેમજ રમતગમત અને સંસ્કૃતિ વિભાગની જવાબદારી પણ સંભાળશે. રિપોર્ટ અનુસાર એનટી એસેમ્બલી માટે ચાર્લ્સનો ચૂંટણી ઐતિહાસિક છે.

## ગુટેરેસે ગાઝા સંઘર્ષને તેમના કાર્યકાળની સૌથી ખરાબ ઘટના ગણાવી

। સંયુક્ત રાષ્ટ્ર, તા.૧૦ ।

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા ગાઝા યુદ્ધવિરામ પર નજર રાખવાની ઓફર કરી હતી. સાત વર્ષથી વધુના તેમના કાર્યકાળમાં, તેમણે ગાઝા સંઘર્ષને અત્યાર સુધીની સૌથી ખરાબ ઘટના ગણાવી હતી. ગાઝામાં મૃત્યુ અને વિનાશને રોકવાની પણ માંગ કરી હતી.તે વિચારવું અવાસ્તવિક છે કે યુનાઈટેડ નેશન્સ ગાઝા સંઘર્ષને રોકવામાં ભૂમિકા ભજવી શકે છે, ગુટેરેસે એક મુલાકાતમાં જણાવ્યું હતું, કારણ કે યુએનની ભૂમિકા ઈઝરાયેલ દ્વારા સ્વીકારવામાં આવે તેવી શક્યતા નથી. પરંતુ, 'સંયુક્ત રાષ્ટ્ર કોઈપણ યુદ્ધવિરામને સમર્થન આપવા માટે ઉપલબ્ધ રહેશે.' ૧૯૪૮ થી યુનાઈટેડ નેશન્સનું મધ્ય પૂર્વમાં લશ્કરી નિરીક્ષણ મિશન છે, જે ્દ્રજ્જી તરીકે ઓળખાય છે. "અમારી બાજુથી, આ એક પૂર્વધારણા હતી જે અમે ટેબલ પર મૂકી હતી," ગુટેરેસે કહ્યું.ગુટેરેસે કહ્યું, 'અલબત્ત, આંતરરાષ્ટ્રીય સમુદાય અમને જે પણ કહેશે તે કરવા અમે તૈયાર છીએ. પ્રશ્ન એ છે કે શું પક્ષો તેને સ્વીકારશે અને ખાસ કરીને ઈઝરાયેલ તેને સ્વીકારશે કે કેમ.'તેમણે ઉમેર્યું, 'યુએન સેક્રેટરી-જનરલ તરીકેના મારા આદેશમાં આપણે ગાઝામાં જે વેદનાઓ જોઈ રહ્યા છીએ.

રાહુલ ગાંધીએ અમેરિકામાં કહ્યું

# અમે માત્ર આરક્ષણ ખતમ કરવા વિશે જ વિચારી શકીએ છીએ...

**નાણાકીય આંકડાઓ જુઓ તો આદિવાસીઓને ૧૦૦ રૂપિયામાંથી ૧૦ પૈસા મળે છે, દલિતોને ૧૦૦ રૂપિયામાંથી ૫ રૂપિયા મળે છે અને ઓબીસીને પણ લગભગ રૂ સમાન રકમ : રાહુલ ગાંધી**

। નવી દિલ્હી, તા.૧૦ ।

જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આરક્ષણ વિશે કહ્યું કે જ્યારે તમે નાણાકીય આંકડાઓ જુઓ તો આદિવાસીઓને ૧૦૦ રૂપિયામાંથી ૧૦ પૈસા મળે છે, દલિતોને ૧૦૦ રૂપિયામાંથી ૫ રૂપિયા મળે છે અને ઓબીસીને પણ લગભગ રૂ સમાન રકમ. પરંતુ વાસ્તવિકતા એ છે કે તેમને ભાગીદારી નથી મળી રહી. સમસ્યા એ છે કે દેશના ૯૦ ટકા લોકોને સમાન તકો નથી મળી રહી.કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. અહીં જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપતાં તેમણે અનામતને લઈને મોટું નિવેદન આપ્યું છે.જ્યારે લોકસભામાં



વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ૫ ૂછવામાં આવ્યું કે જાતિના આધારે અનામત ક્યાં સુધી ચાલુ રહેશે? તેના પર તેમણે કહ્યું કે કોંગ્રેસ ત્યારે જ અનામત ખતમ કરવા વિશે વિચારશે જ્યારે દેશમાં ન્યાયીતા હશે. અત્યારે દેશમાં આવી સ્થિતિ નથી. રાહુલ ગાંધીએ જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપ તા આ નિવેદન આપ્યું હતું.આ પહેલા વર્જીનિયામાં એક કાર્યક્રમને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ અને આરએસએસ એ નથી સમજતા કે આ દેશ દરેકનો છે. વર્જીનિયામાં એનઆરઆઈ સમુદાયને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું કે આરએસએસ કહે છે કે કેટલાક રાજ્યો અન્ય કરતા નીચા છે. કેટલીક ભાષાઓ અન્ય ભાષાઓ કરતાં હલકી કક્ષાની હોય છે.

**પ્રિન્સેસ ઓફ વેલ્સે કહ્યું કેન્સરની સારવાર અંગે**


# કેમોથેરાપી પૂરી થઈ ગઈ છે, તેને સાજા થવામાં લાંબો સમય લાગશે

**કેટ મિડલટને એક વિડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, તેણીએ જાહેર કર્યાના લગભગ છ મહિના પછી તેણીને કેન્સર હોવાનું નિદાન થયું હતું**

। બ્રિટન, તા.૧૦ ।

બ્રિટનની પ્રિન્સેસ ઓફ વેલ્સ, પ્રિન્સેસ ઓફ વેલ્સે સોમવારે જાહેર કર્યું કે તેણીએ તેણીની કીમોથેરાપી સારવાર ૫ ૂર્ણ કરી લીધી છે અને બાકીના વર્ષ માટે જાહેર દેખાવનું પ્રકાશ શેડ્યૂલ જાળવવાની યોજના ધરાવે છે. "કેન્સર મુક્ત રહેવું એ હવે મારી પ્રથમ નંબરની પ્રાથમિકતા છે," કેટ મિડલટને એક વિડિયો સંદેશમાં જણાવ્યું હતુ કે, તેણીએ જાહેર કર્યાના લગભગ છ મહિના પછી તેણીને કેન્સર હોવાનું નિદાન થયું હતું.તેમણે કહ્યું, "છેલ્લા નવ મહિના અમારા પરિવાર માટે અત્યંત મુશ્કેલ રહ્યા છે. કેન્સરની સફર જટિલ, ડરામણી અને અણધારી છે, ખાસ કરીને તમારી નજીકના લોકો માટે. નમ્રતા સાથે, તે તમને તમારી ૫ ોતાની નબળાઈઓનો સામનો કરવા માટે પણ દબાણ કરે છે જે રીતે તે તમને એવી રીતે ઉજાગર કરે છે કે જેની તમે પહેલાં ક્યારેય કલ્પના કરી ન હતી, અને તેની સાથે જીવનના દરેક પાસાઓ પર એક નવો પરિપ્રેક્ષ્ય આવે છે," કેટે કહ્યું, જે છેલ્લે જુલાઈમાં લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ લૉન ટેનિસ એન્ડ ક્રોક્વેટ ક્લબ ખાતે વિમ્બલ્ડન મેન્સ ફાઈનલમાં જોવા મળી હતી. .આજના વિડિયોમાં, કેટે તેણીને અને તેના પરિવારને ટેકો આપનાર દરેકનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું, "જો કે મેં કીમોથેરાપી પૂર્ણ કરી લીધી છે, તેમ છતાં, સંપૂર્ણ સ્વસ્થ થવાની મારી સફર લાંબી છે. જો કે, હું કામ પર પાછા ફરવા માટે આતુર છું." જ્યારે પણ શક્ય હોય ત્યારે આગામી મહિનામાં કેટલાક વધુ જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવા માટે આતુર છીએ."

## ન્યૂઝ બ્રિફ



### શાહરુખ ખાનને હારથી સખ્ત નફરત છે : ઝાયેદ ખાન

। મુંબઇ, તા.૧૦ ।

શાહરૂખ ખાન અને સુષ્મિતા સેન સ્ટારર ફિલ્મ 'મેં હૂં ના' વર્ષ ૨૦૦૪માં રિલીઝ થઈ હતી. ૩૦ એપ્રિલે રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર પ્રદર્શન કર્યું હતું. આ હિટ ફિલ્મમાં શાહરૂખ ખાનની સાથે અભિનેતા ઝાયેદ ખાન અને અમૃતા રાવ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળ્યા હતા. હવે, આ ફિલ્મની રિલીઝના લગભગ ૨૦ વર્ષ પછી, અભિનેતા ઝાયેદ ખાને શૂટિંગના દિવસોની યાદો તાજી કરી છે.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ઝાયેદ ખાને જણાવ્યું હતું કે શાહરૂખ ખાનને હારથી નફરત હતી. આટલું જ નહીં, ઝાયેદ ખાને કહ્યું કે અમે મફતમાં વિડિયો ગેમ રમતા હતા. જો શાહરૂખ ખાન હારી ગયો હોય તો જ્યાં સુધી તે મને હરાવે નહીં ત્યાં સુધી તે મને ઊંઘવા ન દે. ઝાયેદ ખાને ફિલ્મ મૈં હું ના શૂટિંગના દિવસોની ઘણી વાતો શેર કરી છે.

### અમિત શાહ ગુજરાત લાલબાગના રાજાને લઈ જઈ શકે છે : સંજય રાઉત

। મુંબઈ, તા.૧૦ ।

શિવસેના ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે સોમવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે જે રીતે ભાજપ મુંબઈના વારસાને ગુજરાતમાં નિકાસ કરી રહ્યું છે, તેણે લાલબાગના રાજાને ત્યાં પણ ન લઈ જવું જોઈએ. અમિત શાહની તાજેતરની મુંબઈ મુલાકાતનો ઉલ્લેખ કરતાં રાઉતે કહ્યું, "આ વખતે જ્યારે તેઓ આવ્યા છે, ત્યારે લોકોને ડર છે કે તેઓ લાલ બાગના રાજાને ગુજરાતમાં લઈ જશે. ભાજપે મુંબઈની સાંસ્કૃતિક વિરાસતને ગુજરાતમાં લઈ જવાની યોજના બનાવી છે. મુંબઈની ઓળખના અન્ય પાસાઓ સાથે પણ એવું જ કરવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે અમિત શાહ આવ્યા ત્યારે લોકો ડરતા હતા કે તેઓ લાલબાગના રાજાને છીનવી શકે છે.શિવસેના (યુબીટી)ના નેતાએ કહ્યું, "લાલ બાગના રાજા સાથે અમારો ઊંડો સંબંધ છે. આ બંધનને કોઈ તોડી શકે નહીં. પરંતુ, ભાજપનું ટ્રેડ યુનિયન કંઈપણ કરી શકે છે.

## બ્રેસ્ટ કેન્સર સામે હાર નથી માની રહી હિના ખાન, બીમારીમાં પણ જિમમાં પાડી રહી છે પરસેવો

। મુંબઇ, તા.૧૦ ।

ટીવી એક્ટ્રેસ હિના ખાન અત્યારે બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. અભિનેત્રીને ત્રીજા સ્ટેજનું કેન્સર હોવાનું નિદાન થયું છે જેના માટે તે હવે સારવાર હેઠળ છે. હિનાની આ હાલત જોઈને ફેન્સની સાથે ટીવીના ઘણા સેલેબ્સનું દિલ તૂટી જાય છે પરંતુ તેઓ હંમેશા એક્ટ્રેસને પ્રોત્સાહિત કરે છે. હાલમાં જ હિનાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તે હેવી વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે.એટલું જ નહીં, કેન્સર સામે ઝઝૂમી રહેલી હિનાનો આ વીડિયો ઈન્ટરનેટ પર જંગલની આગની જેમ વાયરલ થઈ રહ્યો છે.

## ઈમરાન ખાનની પાર્ટીના પ્રમુખ ગૌહર ખાનની ધરપકડ

। ઈસ્લામાબાદ, તા.૧૦ ।

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના પ્રમુખ અને સાંસદ બેરિસ્ટર ગૌહર ખાનની ધરપકડ કરવામાં આવી છે. સોમવારે તેની નેશનલ એસેમ્બલીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. એક દિવસ પહેલા પીટીઆઈના કાર્યકરો અને નેતાઓએ ઈસ્લામાબાદમાં રેલી યોજી હતી અને ઈમરાન ખાનને જેલમાંથી મુક્ત કરવાની માંગ કરી હતી.પાકિસ્તાની અખબાર ડોનના અહેવાલ મુજબ, એક ૫ ોલીસ અધિકારીએ પુષ્ટિ કરી છે કે ૫ ીટીઆઈના નેતાઓ બેરિસ્ટર ગોહર, શેર અફઝલ ખાન મારવત અને અન્યની સોમવારે રાત્રે સંસદની બહારથી ઈસ્લામાબાદ પોલીસે ધરપકડ કરી હતી. ઈસ્લામાબાદ પોલીસના પ્રવક્તા જવાદ તકીએ અખબારને જણાવ્યું કે મારવત, શોએબ શાહીન અને બેરિસ્ટર ગોહરની ધરપકડ કરવામાં આવી છે.૫ ીટીઆઈએ પાર્ટી અધ્યક્ષ બેરિસ્ટર ગોહરની ધરપકડને 'ગેરકાયદેસર' ગણાવીને વખોડી કાઢી. પાર્ટીએ કહ્યું, 'આ સમગ્ર સંસદ માટે શરમજનક ક્ષણ છે. આને પાકિસ્તાનમાં લોકશાહી પર સીધો હુમલો ગણવો જોઈએ. સંસદના આવા અપમાનને મંજૂરી આપવા બદલ નેશનલ એસેમ્બલીના સ્પીકરને શરમ આવવી જોઈએ.

**રાહુલ ગાંધીના નિવેદન પર અમેરિકામાં હંગામો!** **કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે અમેરિકામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર નિશાન સાધ્યું**

# દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ દેશદ્રોહ સમાન છે : શિવરાજ સિંહ

। નવીદિલ્હી, તા.૧૦ ।

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે અમેરિકામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર નિશાન સાધ્યું છે અને કહ્યું છે કે દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ દેશદ્રોહ સમાન છે. પરંતુ આ એવા નેતાઓ છે જેઓ હતાશ છે, તેમના મનમાં ભાજપ, સંઘ અને મોદીનો વિરોધ કરતા તેઓ દેશનો જ વિરોધ કરવા લાગ્યા.

શિવરાજ સિંહે કહ્યું કે રાહુલ ગાંધીનું આ વર્તન દુર્ભાગ્યપૂર્ણ છે. રાહુલ ગાંધી અવારનવાર ભારતની મુલાકાત લે છે, પરંતુ તેઓ ક્યારેય ભારત સાથે, ભારતીય લોકો સાથે



કે તેની સંસ્કૃતિ, મૂલ્યો અને પરંપ રાઓ સાથે ક્યારેય જોડાઈ શકતા નથી.શિવરાજે કહ્યું કે રાહુલ ગાંધી વિપક્ષના નેતા છે અને વિપક્ષના નેતાનું પદ જવાબદારીનું પદ છે, હું રાહુલને યાદ અપાવવા માંગુ છું કે જ્યારે અટલ બિહારી વાજપેયી વિપ ક્ષના નેતા હતા ત્યારે નરસિમ્હા રાવ વડાપ્રધાન હતા. ત્યારે અટલ ઘણી બાબતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. દેશની બહારના વિપ ક્ષી નેતાઓએ ક્યારેય દેશની છબી ખરડવાનો પ્રયાસ કર્યો નથી, પરંતુ આ નેતાઓ હતાશ થયા છે.

શિવરાજે કહ્યું કે, સતત ત્રીજી વખત હારને કારણે ભાજપ, સંઘ અને મોદીનો વિરોધ તેમના મગજમાં બેસી ગયો છે અને વિરોધ કરતી વખતે તેણે દેશનો જ વિરોધ કરવાનું શરૂ કર્યું. દેશની બહાર કોંગ્રેસ અને ભાજપ નથી, દેશની અંદર આપણે મુદ્દાઓ પર લડી શકીએ છીએ, પરંતુ દેશની બહાર માત્ર ભારત છે. રાહુલ ગાંધી સતત દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ દેશદ્રોહ સમાન છે.

શિવરાજે કહ્યું કે હું પણ અમેરિકા ગયો હતો, જ્યારે મનમોહન સિંહ વડાપ્રધાન હતા ત્યારે મને અમેરિકામાં પૂછવામાં આવ્યું હતું કે શું ભારતના વડાપ્રધાન અન્ડરચીવર છે? મેં કહ્યું હતું કે, તેઓ ભારતના વડા પ્રધાન છે અને આપણા વડા પ્રધાન ક્યારેય અંડરચીવર ન હોઈ શકે. દેશભક્તિની લાગણી છે.

રિયાધમાં એસ જયશંકરે કહ્યું,

# ગાઝાની સ્થિતિ ભારત માટે સૌથી મોટી ચિંતા છે । યુદ્ધવિરામને અમારું સમર્થન

## અમે આતંકવાદ અને બંધક બનાવવાની ઘટનાઓની નિંદા કરીએ છીએ, પરંતુ નિર્દોષ નાગરિકોની સતત હત્યાથી અમે ખૂબ જ દુઃખી છીએ

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતના વિદેશ મંત્રી જયશંકરે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં વ્યૂહાત્મક સંવાદ માટે પ્રથમ ભારત-ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ મંત્રી સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે પેલેસ્ટાઈનની સ્થિતિ વિશે વાત કરી. એસ જયશંકરે ગાઝાની સ્થિતિને ભારતની "સૌથી મોટી ચિંતા" ગણાવી હતી અને કહ્યું હતું કે નવી દિલ્હી ઈઝરાયેલ-હમાસ યુદ્ધવિરામની તરફેણમાં છે.વિદેશ મંત્રીએ કહ્યું, "ગાઝાની વર્તમાન સ્થિતિ હવે અમારી સૌથી મોટી ચિંતાનો વિષય છે. આ બાબતે ભારતનું વલણ સૈદ્ધાંતિક અને સુસંગત રહ્યું છે. અમે આતંકવાદ અને બંધક બનાવવાની ઘટનાઓની નિંદા કરીએ છીએ, પરંતુ નિર્દોષ નાગરિકોની સતત હત્યાથી અમે ખૂબ જ દુઃખી છીએ. મૃત્યુ દ્વારા.જયશંકરે કહ્યું કે કોઈપણ પ્રતિભાવ માનવતાવાદી કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવો જોઈએ. અમે વહેલી તકે યુદ્ધવિરામને સમર્થન આપીએ છીએ.ઑક્ટોબર ૭ ના રોજ, હમાસ, જે ગાઝા પટ્ટી પર શાસન કરે છે, તેણે જમીન, હવા અને સમુદ્ર દ્વારા ઈઝરાયેલ પર અભૂતપૂર્વ હુમલો શરૂ કર્યો, જેમાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૦ અન્યનું અપહરણ કર્યું. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે ગાઝા પર હુમલો કર્યો, જેમાં વ્યાપક વિનાશ થયો અને લગભગ ૪૦ હજાર લોકો માર્યા ગયા. ૧૧ મહિનાથી ચાલેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે બંને પક્ષો અત્યાર સુધી યુદ્ધવિરામ સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા છે.જયશંકરે કહ્યું કે ભારત પેલેસ્ટિનિયન મુદ્દાના ઉકેલ દ્વારા ઉકેલ માટે ઉભો છે. ભારતે પેલેસ્ટિનિયન સંસ્થાઓ અને ક્ષમતાઓના નિર્માણમાં પણ યોગદાન આપ્યું છે.તેમણે કહ્યું કે જ્યાં સુધી માનવતાવાદી પરિસ્થિતિનો સંબંધ છે, અમે સહાય પૂરી પાડી છે અને યુએનઆરડબ્લ્યુએને અમારું સમર્થન આપ્યું છે.

ફટાકડાના વેચાણ પર પ્રતિબંધથી

# ભાજપના કાર્યકરો નારાજ । વેપારીઓએ પણ દિલ્હી સરકાર સામે મોરચો ખોલ્યો

## દિલ્હી સરકારે તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો । આ પ્રતિબંધ ૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે

। નવીદિલ્હી, તા.૧૦ ।



શિયાળાની ઋતુમાં વાયુ પ્રદૂષણમાં વધારો થવાની સંભાવના અને તેનાથી સામાન્ય લોકોને પડતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. આ પ્રતિબંધ ૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, ફટાકડાના ઓનલાઈન વેચાણ અને ડિલિવરી પર પણ પ્રતિબંધ રહેશે. દિલ્હી સરકારમાં પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું કે પ્રતિબંધને કડક રીતે લાગુ કરવા માટે દિલ્હી પોલીસ,ડીપીસીસી અને મહેસૂલ વિભાગ સાથે સંયુક્ત એક્શન પ્લાન બનાવવામાં આવશે. ગયા વર્ષે પણ સરકારે શિયાળાની ઋતુમાં વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવા ફટાકડાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો.

ગોપાલ રાયે કહ્યું કે, શિયાળાની ઋતુમાં વાયુ પ્રદૂષણ વધવાનો ભય છે. આ સિઝનમાં ફટાકડા ફોડવાથી પણ પ્રદૂષણ વધે છે. તેનાથી લોકોને પ્રદૂષણથી બચાવી શકાય છે. તેમણે કહ્યું કે સરકાર નથી ઈચ્છતી કે વેપારીઓ અને ડીલરોને કોઈપણ પ્રકારનું આર્થિક નુકસાન થાય. તેથી સમયસર તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ગયા વર્ષે દિવાળી પર દિલ્હીમાં હવાની ગુણવત્તા આઠ વર્ષમાં સૌથી સારી રહી હતી. જેના કારણે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે ફટાકડા ફોડવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હોવા છતાં સાંજથી પાટનગરમાં આતશબાજી શરૂ થઈ ગઈ હતી. આ કારણે ઘણા વિસ્તારોમાં એક્યુઆઈ ૩૦૦ની આસપાસ પહોંચી ગયો. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, ગયા વર્ષે દિવાળી પર એક્યુઆઈ ૩૧૨ હતો. ૨૦૧૬માં તે ૪૩૧ નોંધાયો હતો.પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, દિલ્હી સરકાર ૨૧ મુદ્દાઓ પર વિન્ટર એક્શન પ્લાન તૈયાર કરી રહી છે. આ અંતર્ગત આગામી દિવસોમાં અનેક ઝુંબેશ ચલાવવામાં આવશે. ગોપાલ રાયે લોકોને અપીલ કરી છે કે તેઓ પ્રદૂષણને કાબૂમાં લેવા સરકારને સાથ આપે.

## ન્યૂઝ બ્રિફ



સપ્ટેમ્બર ૨૦૧૭માં આ બંગલો ૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો

### કંગના રનૌતે પોતાનો બંગલો ૩૨ કરોડ રૂપિયામાં વેચ્યો

। મુંબઇ, તા.૧૦ ।

બીજેપી સાંસદ અને બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતે મુંબઈના બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં નરગીસ દત્ત રોડ પર સ્થિત પોતાનો બંગલો ૩૨ કરોડ રૂપિયામાં વેચી દીધો છે. આ માહિતી મિલકત નોંધણી દસ્તાવેજોમાંથી મેળવવામાં આવે છે. દસ્તાવેજોથી જાણવા મળ્યું છે કે કંગના રનૌતે સપ્ટેમ્બર ૨૦૧૭માં આ બંગલો ૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.આ બંગલો ૩,૦૭૫ ચોરસ ફૂટના બિલ્ટ-અપ વિસ્તારમાં ફેલાયેલો છે અને તેની પાર્કિંગ સ્પેસ ૫૬૫ ચોરસ ફૂટ છે. ટ્રાન્ઝેક્શન ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ નોંધવામાં આવ્યું હતું, જેના માટે રૂ. ૧.૯૨ કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને રૂ. ૩૦,૦૦૦ની નોંધણી ફી ચૂકવવામાં આવી છે. આ પ્રોપર્ટીના ખરીદનાર શ્વેતા બથીજા, પાર્ટનર, કમલિની હોલ્ડિંગ્સ છે, જે તમિલનાડુના કોઈમ્બતુરમાં સ્થિત છે.



### ઐશ્વર્યા રાયે દીકરી આરાધ્યા સાથે બાપ્પાના દર્શન કર્યા

। મુંબઇ, તા.૧૦ ।

બોલીવુડની ઓજી દિવા ઐશ્વર્યા રાય બચ્ચન સોમવારે સાંજે મુંબઈમાં જીએસબી સેવા મંડળ ગણપતિ પંડાલમાં તેની પુત્રી આરાધ્યા બચ્ચન અને માતા વૃંદા રાય સાથે જોવા મળી હતી. ગણેશ પંડાલમાંથી બહાર નીકળતા ત્રણેયની તસવીરો અને વીડિયો હવે વાયરલ થઈ રહ્યા છે. વીડિયોમાં ઐશ્વર્યા અને આરાધ્યા ભારે ભીડમાં બાપ્પાના દર્શન કરતા જોઈ શકાય છે. પંડાલમાં હાજર ભક્તોની ભીડ પણ અભિનેત્રી ઐશ્વર્યા સાથેની તસવીરો ક્લિક કરતી જોવા મળે છે. ગણેશ ચતુર્થીનો ઉત્સાહ ચારેબાજુ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.બોલિવૂડના સૌથી પ્રિય સ્ટાર્સમાંની એક, ઐશ્વર્યા રાય બચ્ચન તાજેતરમાં જ તેની માતા વૃંદા રાય અને પુત્રી આરાધ્યા બચ્ચન સાથે મુંબઈના પ્રખ્યાત જીએસબી ગણેશ પંડાલમાં ગણેશ ચતુર્થીના પવિત્ર તહેવાર દરમિયાન આશીર્વાદ લેવા જોવા મળી હતી. તેમના દર્શનનો એક વીડિયો, જેમાં તે દર્શન કર્યા બાદ ભીડમાંથી પસાર થતો જોવા મળી રહ્યો છે.

# સની લિયોને પતિ અને બાળકો સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી કરી

। મુંબઇ, તા.૧૦ ।

દર વર્ષની જેમ આ વર્ષે પણ બોલિવૂડ અભિનેત્રી સની લિયોનને ગણેશ ચતુર્થીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરી હતી. અભિનેત્રીએ ઘણા વીડિયો અને ફોટા પણ ચાહકો સાથે શેર કર્યા છે. શનિવારે દેશભરમાં ગણેશ ચતુર્થીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.આ દિવસે માત્ર સામાન્ય લોકો જ નહીં પરંતુ બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ ગણપતિ બાપ્પાને પોતાના ઘરે લાવ્યા હતા. ઈન્ડસ્ટ્રીની સુંદર અભિનેત્રીઓમાંની એક સની લિયોન છે. જેમણે પોતાના ઘરે આખા પરિવાર સાથે ગણપતિજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અભિનેત્રીએ હવે તેની તસવીરો અને કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર પણ શેર કર્યા છે.સની લિયોને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના ગણપતિ તહેવારની તસવીરો અને વીડિયો શેર કર્યા છે. જેમાં અભિનેત્રી તેના પતિ અને ત્રણ બાળકો સાથે બાપ્પાની પૂજા કરતી જોવા મળી હતી આ દરમિયાન અભિનેત્રી અને તેનો પરિવાર સફેદ રંગના આઉટફિટમાં જોવા મળ્યો હતો. સનીએ સ્ટ્રેટ પેન્ટ સાથે અનારકલી કુર્તા પહેર્યો હતો. જ્યારે તેના પતિ ડેનિયલ વેબરે હોટ એર બલૂન મોટિફ્સ સાથે જેકેટ સાથે મેચિંગ કુર્તા પાયજામા સેટ પહેર્યો હતો.

કોંગ્રેસ નેતાએ ભાજપ અને આરએસએસ પર જોરદાર પ્રહારો કર્યા

# રાહુલ ગાંધીને ફરી કોર્ટના ધક્કા : શીખો ઉપર ટિપ્પણી કરવી પડી શકે ભારે

## દિલ્હીમાં ૩૦૦૦ શીખોની નરસંહાર કરવામાં આવી હતી અને કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે આવું થયું હતું

। નવીદિલ્હી, તા.૧૦ ।

ત્રણ દિવસના અમેરિકા પ્રવાસે ગયેલા વિપક્ષી નેતા રાહુલ ગાંધી ભાજપ અને આરએસએસ પર જોરદાર પ્રહારો કરી રહ્યા છે. રાહુલ ઘણા કાર્યક્રમોમાં મોદી સરકારની ખામીઓને લિસ્ટ કરતા જોવા મળ્યા છે. આ દરમિયાન રાહુલે શીખો વિશે ટિપ્પણી કરી હતી, જેનાથી હોબાળો મચી ગયો હતો. ભાજપે તેની સામે સખત વાંધો પણ વ્યક્ત કર્યો છે.'શીખો' પર રાહુલના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભાજપે કોંગ્રેસના નેતાને વર્જિનિયામાં શીખો વિશે જે કહ્યું તે ભારતમાં પુનરાવર્તન કરવાનો પડકાર ફેંક્યો છે. પછી તેઓ વિપક્ષી નેતા વિરુદ્ધ કેસ દાખલ કરશે અને તેમને અદાલતમાં લઈ જશે.ભાજપા નેતા આરપી સિંહે રાહુલ ગાંધીની ટીકા કરતા કહ્યું કે દિલ્હીમાં ૩૦૦૦ શીખોની નરસંહાર કરવામાં આવી હતી અને કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે આવું થયું હતું. આરપી સિંહે જણાવ્યું હતું કે,દિલ્હીમાં ૩૦૦૦ શીખોની હત્યા કરવામાં આવી હતી, તેમની પાઘડીઓ ઉતારી દેવામાં આવી હતી, તેમના વાળ કાપી નાખવામાં આવ્યા હતા અને દાઢી મુંડાવવામાં આવી હતી. રાહુલ ગાંધી એવું નથી કહેતા કે આ બધું ત્યારે થયું હતું, જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી. હું રાહુલ ગાંધીને પડકાર ફેંકું છું કે તેઓ શીખો વિશે જે કહે છે તે ભારતમાં પુનરાવર્તન કરે અને પછી હું તેમની સામે કેસ કરીશ અને તેમને કોર્ટમાં લઈ જઈશ.કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાહુલ ગાંધીને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની યાદ અપાવી અને કહ્યું કે જ્યારે અટલ બિહારી વાજપેયી વિપક્ષના નેતા હતા.

કલમ ૪૩૭ અથવા કલમ ૪૩૯ હેઠળ નિયમિત જામીન માટે અરજી કરી શકાય

# એક કેસમાં કસ્ટડીમાં રહેલા આરોપી બીજા કેસમાં જામીન માંગી શકે છે : સુપ્રીમ કોર્ટ

## આરોપીને ગુનાના સંબંધમાં આગોતરા જામીન મેળવવાનો અધિકાર છે, જો કે તે ગુનાના સંબંધમાં તેની ધરપકડ કરવામાં આવી ન હોય : સુપ્રીમ

। નવીદિલ્હી, તા.૧૦ ।



સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એક કેસમાં કસ્ટડીમાં રહેલા આરોપીને બીજા કેસમાં આગોતરા જામીન મેળવવાનો અધિકાર છે, જો કે તે કથિત ગુનાના સંબંધમાં તેની ધરપકડ કરવામાં ન આવી હોય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાયદામાં એવો કોઈ સ્પષ્ટ અથવા ગર્ભિત પ્રતિબંધ નથી જે સેશન્સ કોર્ટ અથવા હાઈકોર્ટને કોઈ કેસમાં આગોતરા જામીન અરજીનો નિર્ણય લેતા અટકાવે જ્યારે અરજદાર અન્ય કોઈ ગુનાના સંબંધમાં કસ્ટડીમાં હોય. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે જણાવ્યું હતું કે ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી) માં કલમ ૪૩૮ સામેલ કરવા પાછળનો હેતુ, જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોવાની શંકા હોય તેને જામીન આપવાના નિર્દેશો સાથે સંબંધિત છે, તે સુરક્ષાનો છે. સ્વતંત્ર અને લોકશાહી દેશમાં વ્યક્તિના અધિકારો "સ્વતંત્રતા અને સ્વતંત્રતા" ના મહત્વને ઓળખવામાં આવે છે."આરોપીને ગુનાના સંબંધમાં આગોતરા જામીન મેળવવાનો અધિકાર છે, જો કે તે ગુનાના સંબંધમાં તેની ધરપકડ કરવામાં આવી ન હોય. એકવાર તેની ધરપકડ થઈ જાય પછી, તેની પાસે એકમાત્ર ઉપાય ઉપલબ્ધ છે કે તે સીઆરપીસીની કલમ ૪૩૭ અથવા કલમ ૪૩૯ હેઠળ નિયમિત જામીન માટે અરજી કરે, કારણ કે કેસ હોઈ શકે," ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે કહ્યું. "કોઈ પ્રતિબંધ નથી. સીપીસીની કલમ ૪૩૮ માં વાંચી શકાય છે જે અન્ય કોઈ ગુનામાં કસ્ટડીમાં હોય ત્યારે આરોપીને આગોતરા જામીન માટે અરજી કરતા અટકાવે છે, કારણ કે આ જોગવાઈના હેતુ અને ધારાસભાના ઈરાદાની વિરુદ્ધ છે આ મુદ્દા પર વિવિધ હાઈકોર્ટો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# નિતેશ તિવારીની 'રામાયણ'માં રણબીર કપૂર ડબલ રોલ ભજવશે?

। મુંબઇ, તા.૧૦ ।

નિતેશ તિવારીની આગામી મહાકાવ્ય રામાયણ સિનેમેટિક ડ્રામા બનવા જઈ રહી છે. આ ફિલ્મને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મમાં રણબીર કપૂર લીડ રોલમાં જોવા મળશે તેવું પહેલાથી જ જાણવા મળ્યું છે. તે જ સમયે, હવે અભિનેતાના પાત્રને લઈને રસપ્રદ માહિતી સામે આવી છે. આ સાથે જ આ ફિલ્મ વિશે વધુ એક રસપ્રદ ખુલાસો થયો છે, જે બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સાથે સંબંધિત છે.અહેવાલો અનુસાર, રણબીર કપૂર 'રામાયણ'માં બેવડી ભૂમિકા ભજવશે, જે માત્ર ભગવાન રામ જ નહીં પરંતુ હિંદુ પૌરાણિક કથાઓમાં સૌથી વધુ આદરણીય વ્યક્તિઓમાંના બે પરશુરામનું પણ પાત્ર ભજવશે.

# એઆઇએમઆઇએમ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી લડશે

। નવીદિલ્હી, તા.૧૦ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં તમામ પક્ષોએ દાવ રમવાનું શરૂ કરી દીધું છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ મહારાષ્ટ્રમાં જાહેરાત કરી હતી કે તેમની પાર્ટી આ ચૂંટણીમાં તેના ઉમેદવારો ઉભા કરશે. તેમણે પોતાના ૫ ઉમેદવારોના નામ પણ જાહેર કર્યા છે. આ સાથે તેમણે અજિત પવારને સુધારા બિલનો વિરોધ કરવા પણ કહ્યું છે.તેમણે કહ્યું કે, ઔરંગાબાદના પૂર્વ લોકસભા સાંસદ ઈમ્તિયાઝ જલીલ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવાર હશે. મીડિયા સાથે વાત કરતા ઓવૈસીએ ચાર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. તેમાં ધારાસભ્યો મુફ્તી ઈસ્માઈલ, શાહ ફારૂક અનવર, ફારૂક શાબદી અને રઈસ લશ્કરિયાનો પણ સમાવેશ થાય છે.મુફ્તી ઈસ્માઈલ હાલમાં માલેગાંવ સેન્ટ્રલ સીટથી ધારાસભ્ય છે, જ્યારે અનવર ધુલે શહેરથી ધારાસભ્ય છે. લશ્કરી એઆઈએમઆઈએમના મુંબઈ યુનિટના નેતાઓ છે. ઈમ્તિયાઝ જલીલના મતવિસ્તારની જાહેરાત કરવામાં આવી નથી.

કોર્પોરેટ હાઉસ રોકાણ કરવા તૈયાર | ભારતીય અને વિદેશી કોર્પોરેટ્સને ચીનમાં રોકાણ કરવામાં અનેક પડકારોનો સામનો કરવો પડી શકે

# ચીનમાં કેટલાક શહેરોમાં વિદેશી હોસ્પિટલો ખોલવાની તૈયારીઓ

। બેઇજિંગ, તા.૧૦ ।



હવે ચીનના કેટલાક શહેરોમાં પણ વિદેશી હોસ્પિટલો ખોલવાની તૈયારી ચાલી રહી છે. ચીનના સરકારી દસ્તાવેજ અનુસાર, વિદેશી રોકાણ બેઈજિંગ, તિયાનજિન, શાંઘાઈ, નાનજિંગ, સુઝોઉ, ફુઝો, ગુઆંગઝુ, શેનઝેન અને સમગ્ર હૈનાન ટાપુમાં હોસ્પિટલો ખોલવાની મંજૂરી આપશે. ચીનના આ પગલા બાદ ભારતીય કોર્પોરેટ હેલ્થ સેક્ટરમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘણા કોર્પોરેટ હાઉસ અહીં રોકાણ કરવા તૈયાર છે. પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે ભારતીય અને વિદેશી કોર્પોરેટ્સને ચીનમાં રોકાણ કરવામાં અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે.ચીનના વાણિજ્ય મંત્રાલય, નેશનલ હેલ્થ કમિશન અને નેશનલ મેડિકલ પ્રોડક્ટ્સ એડમિનિસ્ટ્રેશને સંયુક્ત દસ્તાવેજમાં જણાવ્યું છે કે હોસ્પિટલોની સ્થાપના માટેની શરતો, જરૂરિયાતો અને પ્રક્રિયાઓ પછીની તારીખે જાહેર કરવામાં આવશે. ચીનના પાયલોટ ફ્રી ટ્રેડ ઝોન બેઈજિંગ, શાંઘાઈ અને ગુઆંગડોંગ અને ફ્રી ટ્રેડ પોર્ટ હૈનાનમાં વિદેશી સાહસોને માનવ સ્ટેમ સેલ, જનીન નિદાન અને સારવાર સંબંધિત તકનીકો વિકસાવવા અને લાગુ કરવાની મંજૂરી છે. અહીં હેલ્થકેર પ્રોડક્ટ્સ રજીસ્ટર, લોન્ચ અને પ્રોડ્યુસ કરવામાં આવે છે.દસ્તાવેજ જણાવે છે કે સાહસોએ ચીનના કાયદા અને નિયમોનું પાલન કરવું જોઈએ અને માનવ આનુવંશિક સંસાધન વ્યવસ્થાપન, ડ્રગ ક્લિનિકલ ટ્રાયલ, દવાની નોંધણી, ઉત્પાદન અને નૈતિક સમીક્ષા સંબંધિત જરૂરિયાતોને પૂર્ણ કરવી જોઈએ. તેમને મેનેજમેન્ટ પ્રક્રિયાઓનું પાલન કરવાનું પણ કહેવામાં આવે છે.ચીને ૨૦૧૪માં પણ આવી જ જાહેરાત કરી હતી. કેટલીક ભારતીય કોર્પોરેટ હોસ્પિટલોએ આમાં રસ દાખવ્યો હતો. આ પછી, દેશની ટોચની કોર્પોરેટ હોસ્પિટલોના આરોગ્ય વ્યાવસાયિકોએ ચીનની મુલાકાત લીધી અને ચીનમાં તેમનું નેટવર્ક વિસ્તારવામાં રસ દર્શાવ્યો, પરંતુ આગળ કંઈ થયું નહીં.

પાકિસ્તાનના માહિતી પ્રધાને પીટીઆઈના શક્તિ પ્રદર્શન પછી કહ્યું

એક દિવસ પહેલા, પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફના કાર્યકરો અને નેતાઓએ ઇસ્લામાબાદમાં એક જાહેર રેલી યોજી હતી

# ઇમરાનના કેસમાં યોગ્યતાના આધારે નિર્ણય લેવામાં આવશે

। ઈસ્લામાબાદ, તા.૧૦ ।



પાકિસ્તાનના સૂચના મંત્રી અત્તા તરારએ સોમવારે કહ્યું કે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સૈન્ય ટ્રાયલ અંગે કોઈપણ નિર્ણય કેસની યોગ્યતાને ધ્યાનમાં લઈને લેવામાં આવશે. તેમણે પત્રકાર પરિષદમાં આ વાત કહી. એક દિવસ પહેલા, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના કાર્યકરો અને નેતાઓએ ઈસ્લામાબાદમાં એક જાહેર રેલી યોજી હતી જેમાં તેઓએ સરકાર પાસે ઈમરાન ખાનને મુક્ત કરવાની માંગ કરી હતી. ઈમરાન એક વર્ષથી વધુ સમયથી રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે.એક પ્રશ્નના જવાબમાં મંત્રીએ કહ્યું, 'ઈમરાન ખાનના સૈન્ય ટ્રાયલનો નિર્ણય પુરાવા અને યોગ્યતાના આધારે કરવામાં આવશે.' તે ૯ મે, ૨૦૨૩ની હિંસામાં કથિત સંડોવણી માટે ઈમરાન ખાન પર ચાલી રહેલા લશ્કરી ટ્રાયલ વિશે વાત કરી રહ્યો હતો, જ્યારે પીટીઆઈના કાર્યકરો અને ઈમરાન સમર્થકોએ તેની ધરપકડના વિરોધમાં લશ્કરી ઈમારતો પર હુમલો કર્યો હતો. જો કે, નાગરિકો પર લશ્કરી કાર્યવાહીનો મુદ્દો અંતિમ નિર્ણય માટે પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ છે અને હિંસા પછી લશ્કરી સત્તાવાળાઓને સોંપવામાં આવેલા સોથી વધુ નાગરિકોના કેસ પણ પેન્ડિંગ છે. ૮મી ફેબ્રુઆરીની ચૂંટણી બાદ ઈસ્લામાબાદમાં પ્રથમ રેલીમાં પીટીઆઈના નેતાઓએ સરકારને ઈમરાન ખાનને મુક્ત કરવા જણાવ્યું હતું.ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી અલી અમીન ગાંડાપુરે એક ડગલું આગળ વધીને સરકારને ચેતવણી આપી હતી કે બે અઠવાડિયાની અંદર ઈમરાન ખાનને મુક્ત કરે નહીંતર પાર્ટી તેમને બળજબરીથી મુક્ત કરશે.

## સાયલા ચોટીલા હાઇવે પર કાર-રીક્ષા વચ્ચે અકસ્માતમાં બેનાં મોત

। પ્રતિનિધિ, સાયલા,તા.૧૦ ।

સાયલા ચોટીલા હાઈવે પર કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાળક સહિત બે લોકોના મોત થયા છે. જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુરતનો એક પરિવાર માતાજીના દર્શન કરવા દહીંસરા ગામે જઈ રહ્યો હતો. ત્યારે સોમવારે સાયલા-ચોટીલા હાઈવે પર કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

## સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની કેદ પડી

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૦ ।

જુનાગઢના બીલખા રોડ પર રહેતી એક સગીરા ૨ ઓગષ્ટ ૨૦૨૩ની રાત્રીના ૯-૧૦ કલાકે ઘરેથી નીકળી ગઈ હતી.આ સગીરાના સગા બનેવીએ લલચાવી ફોસલાવી અપહરણ કરી તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યુ હતું. જેની માતાને જાણ થતા સી ડીવીઝન પોલીસમાં ફરીયાદ પોતાના જમાઈ વિરૂધ્ધ નોંધાવતા તેના જમાઈ સાગર ખેરાજ વાઘેલાની પોલીસે ધરપકડ કરી લીધેલ.

## મહીસાગર જીલ્લાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારો કોંગ્રેસમાં સામેલ

। ગાંધીનગર,તા.૧૦ ।

આજરોજ વિધાનસભા કોંગ્રેસ પક્ષ કાર્યાલય ખાતે મહીસાગર જીલ્લાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારશ્રીઓ કોંગ્રેસ પાર્ટીની વિચારધારાથી પ્રેરાઈને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા તથા મહીસાગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને લુણાવાડા વિધાનસભાના ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાં જોડાયા હતા.

## વંદે ભારત અચાનક બંધ થઈ: માલગાડીના એન્જીનથી હંકારવી પડી

। અમદાવાદ,તા.૧૦ ।

હાવડા રેલવે લાઈનની ડાઉન લાઈન પર વંદે ભારત એક્સપ્રેસમાં ટેકનિકલ ખામીને કારણે બંધ થઈ ગઈ હતી અને ભરથાણા-સામ્હો સ્ટેશન વચ્ચે સિગ્નલ નંબર ૫૧૪ પર ઉભી રહી ગઈ હતી.લગભગ સાડા ત્રણ કલાક સુધી ડાઉન લાઈન પર ટ્રાફિક બંધ રહ્યો હતો, જેના કારણે અડધો ડઝન ટ્રેન પાછલા સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી.ઈટાવાથી માલસામાન ટ્રેનનું એન્જિન મંગાવીને વંદે ભારત ટ્રેનને સ્ટેશન લાવવામાં આવી હતી.

### દોઢ મહિનાથી એમડી ડ્રગ્સનું છૂટક વેચાણ કરતો હોવાનું ખુલ્યું

# ખોટા રવાડે ચઢેલા ૧૯ વર્ષના યુવકની લાખોની કિંમતના પ્રતિબંધિત પાઉડર સાથે ધરપકડ

**આરોપી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવવામાં આવ્યો**

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૦ ।



૧૯ વર્ષીય હર્ષ ચાવડીયા નામના વ્યક્તિને રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા મંગળવારના રોજ રાત્રિના ૩:૩૦ વાગ્યાના અરસામાં રાજકોટ શહેરના કેનાલ રોડ પર આવેલા શ્રીનાથજી એપાર્ટમેન્ટ પાસેથી રૂપિયા ૧,૦૮,૪૦૦ ની કિંમતના ૧૦.૮૪ ગ્રામ એમડી ડ્રગના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કુલ બે લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ખાતે પીએસઆઇ તરીકે ફરજ બજાવનારા એમ. બી. માજીરાણા દ્વારા એનડીપીએસ એક્ટ અંતર્ગત ૧૯ વર્ષીય હર્ષ ચાવડીયા વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પીઆઈ એસ.એમ. જાડેજા દ્વારા ન્યુઝ ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને ચોક્કસ બાતમી મળી હતી કે, હર્ષ ચાવડા નામનો વ્યક્તિ ભૂતખાના ચોકથી જિલ્લા ગાર્ડન તરફ આવવાનો છે.

જેની પાસે પ્રતિબંધિત માદક પદાર્થનો જથ્થો છે. જે બાતમીના આધારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કેનાલ રોડ પર આવેલા શ્રીનાથજી એપાર્ટમેન્ટ પાસેથી હર્ષ ચાવડા નામના વ્યક્તિની ચડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી સફેદ કલરનો પદાર્થ મળી આવ્યો હતો. છે બાબતે તેને પૂછતા તેણે એમડી ડ્રગ્સ હોવાનો જણાવ્યું હતું.


આરોપી ૧૦ ધોરણ પાસ છે. તેમજ હાલ સેલ્ફથી કાર ભાડે આપવાનું કામકાજ કરી રહ્યો હોવાનું પોલીસને જણાવ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપી છેલ્લા એક થી દોઢ વર્ષથી એમડી ડ્રગના નશાના રવાડે ચડ્યો છે. તેમજ છેલ્લા એક દોઢ મહિનાથી એમડી ડ્રગનું છૂટક વેચાણ પણ કરતો હોવાનું કબુલાત આપી છે.

### વિમા કંપનીએ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો

# ગુજરાતમાં ડ્રાઈવીંગ વખતે મામુલી માત્રામાં પણ શરાબ સેવનની છૂટ્ટ ન મળી શકે : હાઈકોર્ટ

**સ્પષ્ટ નોંધ સાથે ગુજરાત હાઈકોર્ટે વાહન માલીકની અરજી ફગાવી દીધી**

। અમદાવાદ,તા.૧૦ ।



ગુજરાતમાં શરાબબંધી છે એટલે વાહન ચલાવતી વખતે અન્ય રાજયોની જેમ ગુજરાતમાં ડ્રાઈવીંગ વખતે અમુક ચોકકસ માત્રામાં દારૂની છુટ ન મળી શકે તેવી સ્પષ્ટ નોંધ સાથે ગુજરાત હાઈકોર્ટે વાહન માલીકની અરજી ફગાવી દીધી હતી અને અકસ્માત વિમો ચુકવવા માટે જવાબદાર ઠેરવ્યા હતા.

બનાસકાંઠામાં પાલનપુરથી અંબાજી વચ્ચે દોડતી ટેકસીનો નવેમ્બર ૨૦૧૬ માં અકસ્માત થયો હતો ત્રણ લોકો ઘાયલ થયા હતા અને તેમનાં દ્વારા વળતરનો દાવો કરવામાં આવ્યો હતો.મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલે વિમા કંપની તથા વાહન માલીકની સંયુકત જવાબદારી નકકી કરી હતી.

ટ્રીબ્યુનલે ચુકાદામાં આમ કહ્યું હતું કે, કાર ચલાવતી વખતે ડ્રાઈવર નશામાં હોવાનું સાબીત થતુ નથી. વિમા કંપનીએ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. એફઆઈઆર, ચાર્જશીટ, ફોરેન્સીક, રીપોર્ટના આધારે અકસ્માત વખતે ડ્રાઈવર નશામા હોવાનું પુરવાર થયુ હતું આ તકે વાહન ચાલક દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે બ્લડમાં માત્ર ૩૦ એમજી આલ્કોહોલ મળ્યુ હતું તે ખુદની મર્યાદામાં છે.

## વડોદરામાં આડા સંબંધની ના પાડતા દીયરે ભાભી પર ગેંગરેપ ગુજારી હત્યા કરી

। બ્યૂરો, વડોદરા,તા.૧૦ ।

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સંબંધોને શરમાવે તેવી કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. શેતાન બની ગયેલા દીયરે તેના મિત્રો સાથે મળીને તેની ભાભી પર ગેંગરેપ કરી છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દેતાં આ બનાવ બહાર આવ્યો છે.વડોદરા જિલ્લાના નાના શિનોર તાલુકામાં ખૂબ જ મૈત્રીપૂર્ણ અને પ્રેમાળ લોકો વસે છે. પરંતુ ન જાણે કેમ અહી આવી ઘટના બની જેના કારણે શિનોર તાલુકાની સ્વચ્છ છબી પર મોટો ડાઘ લાગ્યો છે. ગત ૪ સપ્ટેમ્બરે, શિનોર તાલુકામાં નૌકા પ્રશિક્ષણ કેન્દ્ર નજીક જાડી ઝાંખરા પાસે એક આધેડ વયની મહિલાની નગ્ન લાશ બાંધેલી શિનોર પોલીસને મળી હતી.

### ગુજરાતના નેતાઓ દીવની હોટલમાં રંગરેલિયા કરતા ઝડપાયા

### રાજકીય આગેવાનો દીવ ખાતે આવેલી હોટેલ તુલિપમાં મહિલાઓ સાથે નગ્ન ડાન્સની મહેફિલ મનાવવા ગયા હતા

# દીવની હોટલમાં નગ્ન ડાન્સની પાર્ટીની બાતમીના આધારે પોલીસ ટીમનો દરોડો

। પ્રતિનિધિ, દીવ, તા.૧૦ ।



મહુવાના રાજકીય આગેવાનો દીવમાં રંગરેલિયા મહેફિલ મનાવતા રંગે હાથ ઝડપાતા ગુજરાતના રાજકારણમાં હોબાળો મચી ગયો છે. રાજકીય આગેવાનો દીવ ખાતે આવેલી ધ તુલીપ હોટલમાં મહિલાઓ સાથે નગ્ન ડાન્સની મહેફિલ મનાવવા ગયા હતા. દિવ પોલીસે બાતમીના આધારે હોટેલ માં રેડ કરતા ૧૦ પુરુષ, ૮ મહિલાઓ અને એક ટ્રાન્સજેન્ડર પણ ઝડપી પાડ્યો હતો. ત્યારે આખરે દીવ પ્રશાસન એ હોટલ ધ તુલીપને સીલ માર્યું. ઘટનાના બે ત્રણ દિવસ બાદ હોટલ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. દીવની હોટેલમાં યુવતીઓ પાસે નગ્ન ડાન્સની પાર્ટી કરતા હોવાની દીવ પોલીસને બાતમી મળતા રેડ કરી હતી.


પોલીસને માહિતી મળી હતી કે, દીવની હોટેલ તુલિપમાં ગેરકાયદે પાર્ટી ચાલતી હતી. તેથી એક ટીમ બનાવી હોટેલમાં રેડ કરવામાં આવી હતી. રેડમાં ૮ મહિલા એક ટ્રાન્સજેન્ડર સહિત કુલ ૯ લોકો હતા. પૂછપરછ કરાઈ તો માલૂમ પડ્યું કે આ માટે કોઈપણ પ્રકારની પરમિશન લેવાઈ ન હતી. સાથે જ તેમની પાસેથી નકલી રૂપિયા અને આલ્કોહોલ પણ મળ્યા છે. કાયદેસરની કાર્યવાહી કરી છે.

હોટેલ તુલિપમાં ગેરકાયદે અશ્લિલ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસ કાફલાએ દરોડો પાડતાં હોટેલમાં ડીજેના મોટા અવાજ સાથે ચાલતાં નાચગાન-પાર્ટીમાં આશરે આઠ મહિલાઓ દ્વારા અશ્લિલ નૃત્ય પ્રદર્શન પીરસતી હતી. અને ૧૦થી વધુ પુરૂષો તેમના પર રૂપિયાનો વરસાદ કરી રહ્યા હતા. જો કે,પોલીસને જોઈ સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી. આખરે આજે દીવ પ્રશાસને હોટલ ધ તુલીપને સીલ મારી છે. ઘટનાના બે ત્રણ દિવસ બાદ હોટલ પર કાર્યવાહી કરવામાં આવી છે. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ગત ૬/૯/૨૪ ના રોજ રાત્રે હોટલ ધ તુલીપ પર દીવ પોલીસ દ્વારા અચાનક રેડ પાડવામાં આવી હતી. જેમાં ગુજરાત ના અનેક નેતાઓ રંગરેલીયા કરતા રંગે હાથે ઝડપી પાડયા હતા, અને તેમના પર પોલીસ દ્વારા કાર્યવાહી કરી આઠ મહિલાઓ અને ૧૦ પુરુષો અને એક ટ્રાન્સજેન્ડરને પકડવામાં આવ્યા હતા.










**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya